**તેજી હોય કે પછી મંદી**
બજાર તરફનો સાચો દ્રષ્ટિકોણ ઉજાગર કરી,
નાના રોકાણકારોના હિતને ધ્યાનમાં રાખી,આધુનિક આર્થિક પ્રવાહો
તેમ જ શેર, કોમોડીટી, ફોરેક્ષ વગેરે બજારોની ચાલને તાદશ્ય રજૂ
કરી, દેશના ખૂણે ખૂણેથી આવેલ નિષ્ણાતોની સોનેરી સલાહ સાથે
અમદાવાદથી પ્રકાશિત થતું, આર્થિક સાપ્તાહિક
**ધી ઇકોનોમિક રેવલ્યૂશન**
**ગુજરાતી તેમ જ અંગ્રેજી બંને ભાષામાં ઉપલબ્ધ**
વધુ માહિતિ માટે વિઝીટ કરો :
web : www.theeconomicrevolution.in
email : theeconomicrevolution@yahoo.co.in
(M) 9825065387 contact : Narendra Joshi

Nirmal Metro Daily, Ahmedabad

પાનાં ૪, કિંમત રૂ. ૧.૦૦

અમદાવાદથી પ્રકાશિત થતું, પ્રજાના પ્રાણ પ્રશ્નોને વાચા આપતું , અન્યાય સામે અવાજ ઉઠાવતું ક્રાન્તિકારી નિડર ગુજરાતી દૈનિક

RNI NO. GUJGUJ/2012/48123

# નિર્મલ મેટ્રો

તંત્રી : નરેન્દ્ર જી. જોષી
email : nirmalmetro@yahoo.com
website: www.nirmalmetro.com

NIRMAL METRO

Wednesday
08.02.2023
Year 11, Issue 38
દૈનિક

● વર્ષ : ૧૧ ● અંક : ૩૮ ● તા.૦૮.૦૨.૨૦૨૩ ● બુધવાર ● સહતંત્રી : દેવલક્ષ્મી જોષી ● કાર્યાલય : એચ ૧૧૫/૯૯૧, નિર્મલ એપાર્ટમેન્ટ, જય મંગલ બીઆરટીએસ બસ સ્ટોપ સામે, ૧૩૨' રીંગ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૬૩ ● ફોન નં. : ૨૭૪૫૧૪૪૯, મો. : ૯૮૨૫૦૬૫૩૮૭ ●

● Year : 11 ● Issue : 38 ● Date : 08.02-2023 ● Wednesday ● Editor : NARENDRA G. JOSHI ● Page - 4 ● Price : Rs. 1/- ● Annual Sub - 300.
Regd. Office : H-115/991, Nirmal Appartments, Opp. Jaymangal BRTS Bus Stop, 132' Ring Road, Naranpura, AHMEDABAD-380 063. ● Mo. 98250 65387

### ભારત જોડો યાત્રા બાદ રાહુલના સંસદમાં મોદી સરકાર પર આકરા પ્રહાર

# અદાણી વિશ્વમાં બીજા ક્રમના અમીર કેવી રીતે બન્યા

## 'ભારત જોડો યાત્રા' દરમિયાન ચાલતી વખતે કોંગ્રેસે લોકોનો અવાજ સાંભળ્યો અને પાર્ટીએ પોતાનો અવાજ ઉઠાવ્યો હતો

**બજારની વાત**

તા.૦૭.૦૨.૨૦૨૩

**ઈન્ડેક્ષ**

**સેન્સેક્ષ**
૬૦૨૮૬.૦૪ -૨૨૦.૮૬
-૦.૩૭ %

**નિફ્ટી**
૧૭૭૨૧.૫૦ -૪૩.૧૦
- ૦.૨૪ %

**કોમોડીટી**

**ક્રુડ**
૬,૩૬૧.૦૦ ૨૩૦.૦૦
૩.૭૫ %

**સોનું**
૫૭,૨૧૦.૦૦ ૨૫૫.૦૦
૦.૪૫ %

**ચાંદી**
૬૭,૪૯૩.૦૦ ૯૪.૦૦
૦.૧૪ %

**નેચરલ ગેસ**
૨૧૦.૬૦ ૯.૭૦ ૪.૮૩ %

**ચલણી નાણું**

**ડોલર / રૂપિયો**
૮૨.૩૭૫૦ -૦.૪૮ -૦.૫૮ %

એજન્સી દ્વારા

નવી દિલ્હી, તા.૭

ભારત જોડો યાત્રાના સમાપન બાદ રાહુલ ગાંધી ફરી ગૃહની કામગીરીમાં સક્રિય દેખાયા હત. આજે તેમણે લોકસભામાં સંબોધન કર્યું હતું. રાહુલ ગાંધીએ કહ્યું કે, તમે પણ રાજકારણી છો, હું પણ રાજકારણી છું. આજના રાજકારણમાં આપણે આપણી જૂની પરંપરા ભૂલી ગયા છીએ. પહેલા આપણે પગપાળા યાત્રા કરતા, હવે ગાડીમાં મુસાફરી કરીએ છીએ. પરંતુ જ્યારે પગપાળા ચાલુ છુ ત્યારે જ જનતા સાથે વાત કરવાનો મને મોકો મળે છે. રાષ્ટ્રપતિના અભિભાષણ પર ચર્ચા કરતી વખતે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ લોકસભામાં અનેક મુદ્દા ઉઠાવ્યા હતા. આ દરમિયાન તેમણે કેન્દ્ર પર પ્રહારો કરતા નિશાન સાધ્યું અને ભારત જોડો યાત્રાના અનુભવો પણ શેર કર્યા હતા. તેમણે કહ્યું કે 'ભારત જોડો યાત્રા' દરમિયાન ચાલતી વખતે કોંગ્રેસે લોકોનો અવાજ સાંભળ્યો



અને પાર્ટીએ પોતાનો અવાજ ઉઠાવ્યો હતો. કોંગ્રેસે યાત્રા દરમિયાન બાળકો, મહિલાઓ અને વડીલો સાથે વાત કરી હતી. લોકોએ તેમની પીડા અમારી સામે વ્યક્ત કરી હતી. લોકસભામાં રાહુલ ગાંધીએ કહ્યું કે, ૨૦૧૪માં અદાણી વિશ્વના સૌથી અમીર લોકોની યાદીમાં ૬૦૯માં નંબરે હતા, ખબર નહીં જાદુ થયો અને તે બીજા નંબર પર આવી ગયા. પીમ મોદી અને અદાણી વચ્ચે સંબંધ ઘણા વર્ષો પહેલા શરૂ થયો હતો, જ્યારે નરેન્દ્ર મોદી સીએમ હતા. તેમણે કહ્યું કે અદાણી માટે એરપોર્ટના નિયમો બદલાયા અને તે નિયમ કોણે બદલ્યા તે પણ મહત્વનું છે. નિયમ એવો હતો કે જો કોઈ વ્યક્તિ એરપોર્ટના વ્યવસાયમાં ન હોય તો તે એરપોર્ટ અંગેના કરાર કરી શકે નહીં. ભારત સરકારે અદાણી માટે આ નિયમ બદલ્યો છે.રાહુલ ગાંધીએ કહ્યું કે, યાત્રા દરમિયાન જ્યારે યુવાનોને તેમની નોકરી વિશે પૂછવામાં આવ્યું તો ઘણાએ કહ્યું કે તેઓ બેરોજગાર છે અથવા ઉબેર પર રીક્ષા ચલાવે છે, ખેડૂતોએ પીએમ-વીમા યોજના હેઠળ પૈસા ન મળવાની પણ વાત કરી હતી. આદિવાસીઓ પાસેથી તેમની જમીન હડપી લેવામાં આવી છે. લોકોએ અગ્નિવીર યોજના વિશે પણ વાત કરી હતી. નિવૃત્ત વરિષ્ઠ અધિકારીઓએ કહ્યું કે, અગ્નિવીર યોજના આરએસએસ, ગૃહ મંત્રાલય તરફથી આવી છે, આર્મી તરફથી આવી નથી.કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ મંગળવારે લોકસભામાં ચર્ચામાં ભાગ લીધો હતો. રાહુલે કહ્યું કે ભારત જોડો યાત્રાથી ઘણું શીખવા મળ્યું. આ દરમિયાન જનતા સાથે વાત કરવાનો મોકો મળ્યો. આજકાલ રાજકારણીઓ વતી ચાલવાની પ્રથા ઘટી ગઈ છે.રાહુલે કહ્યું કે યાત્રા દરમિયાન લોકો આવતા હતા અને કહેતા હતા કે તેઓ બેરોજગાર છે. હજારો ખેડૂતો પણ અમારી પાસે આવ્યા. પીએમ બીમા કિસાન યોજના વિશે જણાવ્યું. ખેડૂતોએ જણાવ્યું કે તેમને વીમાના પૈસા મળતા નથી. ખેડૂતોએ એમ પણ કહ્યું કે તેમની જમીન છીનવાઈ રહી છે. રાહુલે કહ્યું કે લોકો અગ્નિવીર વિશે પણ વાત કરે છે. સરકારે કહ્યું કે અગ્નિવીરથી લોકોને ફાયદો થશે, પરંતુ દેશના યુવાનો તમારી સાથે સહમત નથી.રાહુલે કહ્યું કે લોકો અગ્નિવીર વિશે પણ વાત કરે છે. સરકારે કહ્યું કે અગ્નિવીરથી લોકોને ફાયદો થશે. પરંતુ દેશના યુવાનો તમારી સાથે સહમત નથી. વરિષ્ઠ અધિકારીઓએ કહ્યું કે આ યોજના સેનાને નબળી પાડશે. રાહુલે કહ્યું કે આરએસએસ અને અજીત ડોભાલે આ સ્કીમ અમલમાં મૂકી. રાહુલ ગાંધીએ ગૌતમ અદાણીના મુદ્દે મોદી સરકાર પર સીધો પ્રહાર કર્યો હતો. રાહુલે કહ્યું કે તમિલનાડુથી લઈને મધ્યપ્રદેશ સુધી બધાના નામ એક જગ્યાએ સાંભળવા મળી રહ્યા છે. ગૌતમ અદાણી... આ નામ આખા ભારતમાં સંભળાય છે. જ્યારે લોકો મારી સાથે આ નામ વિશે વાત કરતા હતા, ત્યારે તેઓ પ્રશ્નો પૂછતા હતા. લોકો પૂછતા હતા કે અદાણી કોઈપણ વ્યવસાયમાં પ્રવેશ કરે છે અને સફળ થાય છે. યુવકે પૂછ્યું કે આ કેવી રીતે થઈ રહ્યું છે.

૨૦૧૪ થી ૨૦૨૨ સુધી ૮ મિલિયન ડોલરથી ૧૪૦ મિલિયન ડોલર કેવી રીતે થયા. ૨૦૧૪ માં, તેઓ વિશ્વના સૌથી અમીર લોકોમાં ૬૦૯માં સ્થાને હતા. જાદુ થયો અને તેઓ બીજા નંબરે પહોંચ્યા. લોકોએ મને પૂછ્યું કે હિમાચલમાં જ્યારે સફરજનની વાત આવે છે ત્યારે તે અદાણી છે, કાશ્મીરમાં જ્યારે સફરજનની વાત આવે છે ત્યારે તે અદાણી છે... જ્યારે બંદરોની વાત આવે છે, ત્યારે તે અદાણી છે. લોકોએ એ પણ પૂછ્યું કે અદાણી આટલા સફળ કેવી રીતે થયા. રાહુલ ગાંધીએ કહ્યું કે દેશને ખબર હોવી જોઈએ કે અબજોપતિ ઉદ્યોગપતિની પાછળ શું શક્તિ છે.

રાહુલ ગાંધીએ સવાલ કર્યો હતો કે પીએમ મોદી સાથે અદાણીના કેવા સંબંધો છે. આ દરમિયાન તેણે અદાણીની તસવીર સાથેનું પોસ્ટર પણ બતાવ્યું, જેના પર સ્પીકર ઓમ બિરલાએ તેમને રોક્યા. રાહુલે કહ્યું કે જ્યારે મોદીજી ગુજરાતના સીએમ હતા ત્યારે બંને વચ્ચે સારા સબંધ હતા. જ્યારે ભારતના મોટા ભાગના ઉદ્યોગો પીએમને પ્રશ્ન કરી રહ્યા હતા, ત્યારે એક વ્યક્તિ પીએમ સાથે ખભે ખભા મિલાવીને ઊભો હતો. જ્યારે પીએમ દિલ્હી આવ્યા અને ફરી ૨૦૧૪માં અસલી જાદુ શરૂ થયો.કોંગ્રેસ સાંસદે કહ્યું કે થોડા વર્ષો પહેલા સરકારે વિકાસ માટે એરપોર્ટ આપ્યા હતા. આમાં એક નિયમ હતો કે જેણે પહેલા એરપોર્ટનો બિઝનેસ નથી કર્યો તે આ કામ ન કરી શકે. મોદી સરકારે અદાણી માટે આ નિયમ બદલ્યો.



ભારતમાં સામાન્ય રીતે એક કરતાં વધુ પત્નીઓ રાખવાને ખરાબ માનવામાં આવે છે. ઈસ્લામમાં બહુપત્નીત્વની પરવાનગી હોવા છતાં, બહુ ઓછા લોકોને એક કરતાં વધુ પત્નીઓ હોય છે. જો કે વિદેશમાં આવું નથી. એકથી વધુ પત્ની હોવાના ઘણા કિસ્સાઓ છે, પરંતુ કેન્યામાંથી એક વિચિત્ર કિસ્સો સામે આવ્યો છે. ભારતમાં સામાન્ય રીતે એક કરતાં વધુ પત્નીઓ રાખવાને ખરાબ માનવામાં આવે છે. ઈસ્લામમાં બહુપત્નીત્વની પરવાનગી હોવા છતાં, બહુ ઓછા લોકોને એક કરતાં વધુ પત્નીઓ હોય છે. જો કે વિદેશમાં આવું નથી. એકથી વધુ પત્ની હોવાના ઘણા કિસ્સાઓ છે, પરંતુ કેન્યામાંથી એક વિચિત્ર કિસ્સો સામે આવ્યો છે. રિપોર્ટ અનુસાર, અહીં ત્રણ સગી બહેનો એક જ વ્યક્તિ સાથે પ્રેમમાં પડી હતી અને ત્રણેયએ એક જ વ્યક્તિ સાથે લગ્ન કર્યા હતા. રસપ્રદ વાત એ છે કે, આ સંબંધમાં છોકરો કે ત્રણેય બહેનોને કોઈને પણ કોઈ પણ જાતની પ્રોબલેમ નથી. આ ચારેય લગ્નથી બહુ ખુશ જોવા મળી રહ્યા છે. રિપોર્ટ અનુસાર, કેટ, ઈવ અને મેરી કેન્યામાં રહેતી સગી બહેનો છે. ત્રણેય ગોસ્પેલ સંગીતનો અભ્યાસ કરતી હતી. તેણે તેના અભ્યાસ દરમિયાન, કેટ સ્ટીવો નામના યુવકને મળી હતી. આ પછી તેણે સ્ટીવોનો પરિચય તેની બહેનો સાથે કરાવ્યો હતો. સ્ટીવોએ જણાવ્યું કે, જ્યારે તેણે તેની ગર્લફ્રેન્ડને કેટ સાથે પરિચય કરાવ્યો, ત્યારે તેનું બ્રેકઅપ થઈ ગયું હતું. આ પછી તેણે કેટ સાથે સંબંધ બાંધ્યો હતો. થોડા દિવસો પછી, કેટની બંને બહેનોએ પણ તેમનો પ્રેમ વ્યક્ત કર્યો અને તેણે ત્રણેય સાથે સંબંધ રાખવાનું શરૂ કર્યું હતું. થોડા મહિનાઓ સુધી રિલેશનશિપમાં રહ્યા બાદ સ્ટીવોએ લગ્ન કરવાનો નિર્ણય લીધો અને ત્રણેય બહેનો સાથે લગ્ન કર્યા હતા. હવે તે ત્રણેય સાથે રહે છે અને આ સંબંધને ખૂબ એન્જોય કરી રહ્યો છે. સ્ટીવોએ જણાવ્યું કે, ત્રણેય બહેનોએ એક રૂટિન બનાવી લીધું છે અને તે મુજબ નક્કી થાય છે કે, સ્ટીવો ક્યારે કઈ બહેન સાથે રહેશે. સ્ટીવો કહે છે કે, તેને એક સાથે ત્રણ પત્નીઓ સાથે રહેવામાં કોઈ સમસ્યા નથી.

### મિત્ર દેશ તૂર્કી સાથે પણ પાકિસ્તાનની દાંડાઈ

# રાહત સામગ્રી ભરેલા ભારતીય વિમાનને એરસ્પેસનો ઉપયોગ કરવા દેવા પાક.નો ઈનકાર

એજન્સી દ્વારા

નવી દિલ્હી, તા.૭

હાલ તૂર્કી ભૂકંપ જેવી મોટી મુસીબતોનો સામનો કરી રહ્યું છે. તૂર્કી અને સિરીયામાં આવેલા ભૂકંપના કારણે હજારો લોકોના મોત નિપજ્યા છે, તો હજારો લોકો ઈજાગ્રસ્ત પણ થયા છે. એટલું જ નહીં એક જ દિવસમાં આવેલા ૩ ભૂકંપના કારણે સંખ્યાબંધ ઈમારતો પણ ધ્વસ્ત થઈ છે. આ ઘટનામાં હજુ પણ મૃત્યુઆંક વધવાની સંભાવના વ્યકત કરવામાં આવી રહી છે. દરમિયાન તૂર્કીને મદદ કરવા માટે ભારત સહિત વિશ્વભરના દેશો આગળ આવ્યા છે, જોકે આ દુઃખ ઘટનામાં પણ પાકિસ્તાનની 'ગંદી હરકતો' સામે આવી છે. પોતાને તૂર્કીનો સૌથી મોટો મિત્ર કહેનાર પાકિસ્તાને રાહત સામગ્રી ભરેલા ભારતીય વિમાનને તેના એર સ્પેસનો ઉપયોગ કરવાની ઈનકાર કરી દીધો છે. અંગ્રેજી ન્યૂઝ ચેનલ વીઓનની વેબસાઈટને ટાંકીને જણાવાયું છે કે, પાકિસ્તાને રાહત સામગ્રી લઈને તુર્કી જઈ રહેલા ભારતીય વિમાનને એર સ્પેસ આપવાનો ઈન્કાર કરી દીધો છે.

ફર્સ્ટ પોસ્ટના અહેવાલો મુજબ, પાકિસ્તાન દ્વારા પોતાના એર સ્પેસનો ઉપયોગનો ઈક્રાર કરાતા ભારતીય વિમાને લાંબો રૂટનો સહારો લેવો પડ્યો, જેના કારણે કટોકટીના સમયે તૂર્કી સુધી મદદ પહોંચાડવામાં મોડું થયું. અગાઉ તૂર્કીમાં ભૂકંપ આવ્યાના થોડાં જ સમયમાં ભારત દ્વારા મદદ કરવાની જાહેરાત કરાતા ભારતમાં તૂર્કીના એમ્બેસેડર ફિરત સુનેલે આભાર વ્યક્ત કર્યો હતો. તૂર્કીના રાજદૂતે ભારતને મિત્ર કહેતા કહ્યું કે, જે સમય પર કામમાં આવે તે જ મિત્ર છે. ભારતમાં તૂર્કીના રાજદૂત ફિરત સુનેલે ટ્વિટ કરી કહ્યું કે, તૂર્કી અને હિન્દીમાં દોસ્ત કોમન શબ્દ છે... અમારી એક તૂર્કી કહેવત છે. દોસ્ત કરા ગુંડે બેલી ઓલુર (જરૂરીયાત સમયે કામમાં આવનાર દોસ્ત જ સાચો મિત્ર હોય છે) તમારો ખુબ-ખુબ આભાર.ગાઝિયાબાદમાં હિંડન એરબેઝથી તૂર્કી પહોંચેલી એનડીઆરએફની પ્રથમ ટીમમાં ૫૧ લોકો સામેલ છે. એનડીઆરએફના અધિકારી અતુલ કરવાલે જણાવ્યું કે, એનડીઆરએફની પ્રથમ ટીમ ૫૧ લોકો સાથે તૂર્કી જવા રવાના થઈ છે. આમાં ૫ મહિલા કર્મચારી પણ સામેલ છે. અમે વાહનો પણ મોકલ્યા છે. બીજી ટીમમાં ૫૦ લોકો છે. એનડીઆરએફના એક ડોકટર, પેરામેડિકલ સ્ટાફને પણ તૂર્કી મોકલાયા છે.

### અદાણીની સંપત્તિમાં ૪૬ કરોડ ડોલરનો ઉછાળો

# અદાણીએ ટોપ-૨૦ અમીરોના લિસ્ટમાં આખરે વાપસી કરી

એજન્સી દ્વારા

નવી દિલ્હી, તા.૭

અદાણી જૂથના વડા ગૌતમ અદાણી વિશ્વના અમીરોના લિસ્ટમાં પાછળ ધકેલાઈ ગયા પછી ફરી ૫ ક્રમ આગળ આવી ગયા છે. ફોર્બ્સની વિશ્વના ટોપ-૨૦ અમીરોની યાદીમાં ગૌતમ અદાણી ૧૭મા ક્રમ પર આવી ગયા છે. ગયા અઠવાડિયે તેઓ ટોપ ૨૦ના લિસ્ટમાંથી બહાર ફેંકાઈને ૨૨મા ક્રમે પહોંચી ગયા હતા, પરંતુ આજે તેમની કંપનીઓના શેર વધતા અદાણીની નેટવર્થમાં ૪૬.૩ કરોડ ડોલરનો વધારો થયો હતો. અદાણી હવે ૬૧.૧ અબજ ડોલરની સંપત્તિ ધરાવે છે. અદાણી ગ્રૂપના ફિયાસ્કો પછી વિશ્વના ટોપ-૧૦ અમીરોની યાદીમાં હવે એક પણ ભારતીય નથી. અદાણી પ્રકરણ શરૂ થયું તે અગાઉ આ લિસ્ટમાં ગૌતમ અદાણી ત્રીજા ક્રમે અને રિલાયન્સ જૂથના વડા મુકેશ અંબાણી૯મા ક્રમે હતા.

આજે અદાણી ટોટલ ગેસને બાદ કરતા અદાણી ગ્રૂપની તમામ કંપનીઓના શેર વધ્યા હતા. અદાણી એન્ટરપ્રાઈઝિસનો શેર આજે ૨૦ ટકા જેટલો વધી ગયો હતો.

ફોર્બ્સની યાદીમાં જે ધનિકોના નામ છે તેમાં આજે એક દિવસમાં સૌથી વધુ કમાણી ગૌતમ અદાણીએ કરી છે. તેમની સંપત્તિમાં ૪૬.૩ કરોડ ડોલરનો વધારો થયો હતો. જ્યારે ઈલોન મસ્કની સંપત્તિ એક દિવસમાં ૩૦૦ કરોડ ડોલર, તાડાશી યાનાઈની સંપત્તિ ૭૦ કરોડ ડોલર અને રવિ જયપુરિયાની સંપત્તિ ૬૭.૫ કરોડ ડોલર વધી હતી. ફોર્બ્સની ટોપ-૧૦ ધનિકોની યાદીમાં શરૂઆતના નામોમાં કોઈ ફેરફાર થયો નથી. બર્નાર્ડ આર્નોલ્ટ ફેમિલી હજુ પણ ૨૧૬ અબજ ડોલરની સંપત્તિ સાથે પ્રથમ ક્રમે છે. ત્યાર પછી ઈલોન મસ્ક ૧૮૭ અબજ ડોલરની મિલ્કત સાથે બીજા સ્થાને અને એમેઝોનના જેફ બેઝોસ ૧૨૫ અબજ ડોલરની સંપત્તિ સાથે ત્રીજા સ્થાને છે. આ લિસ્ટમાં વોરેન બફેટ અને બિલ ગેસ્ટ જેવા ધુરંધરોના નામ પણ સામેલ છે.

અમેરિકન શોર્ટ સેલર કંપની હિન્ડનબર્ગ રિસર્ચ દ્વારા અદાણી ગ્રૂપને લગતો ચોંકાવનારો અહેવાલ આવ્યા પછી અદાણીની સંપત્તિમાં લગભગ ૫૦ ટકાનું ધોવાણ થયું છે. ફોર્બ્સની વિશ્વના ટોપ-૧૦ અમીરોની લિસ્ટમાં તેઓ ત્રીજા ક્રમેથી પાછળ ખસીને સીધા ૨૨મા સ્થાને પહોંચી ગયા હતા. પરંતુ હવે તેમણે અસાધારણ કમબેક કર્યું છે. છેલ્લા ત્રણ દિવસમાં અદાણી એન્ટરપ્રાઈઝિસના શેરમાં બાઉન્સ બેક આવ્યો છે જેના કારણે આ શેર તેના તાજેતરના તળિયેથી લગભગ ૯૩ ટકા વધી ગયો છે.

# ઉદયપુરમાં બજરંગ દળના કાર્યકર રાજુ પરમારની હત્યાથી ચકચાર

એજન્સી દ્વારા

ઉદયપુર,તા.૦૭

ઉદયપુરમાં સોમવારે રાત્રે લગભગ આઠ વાગ્યે બજરંગ દળના કાર્યકર રાજુ પરમારની માથામાં ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. ઘટના બાદ અંબામાતા પોલીસ સ્ટેશન ઘટનાસ્થળે પહોંચી હતી ત્યાં સુધીમાં સ્થાનિક લોકો તેને એમબી હોસ્પિટલ લઈ ગયા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું. બે બદમાશોએ તેમને દુકાનની બહાર બોલાવ્યો અને ગોળીબાર કર્યો. લોકો તેને નજીકના એમબી હોસ્પિટલમાં લઈ ગયા, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો. રાજુ ઉર્ફે રાજેન્દ્ર પરમાર (૩૮ વર્ષ) બજરંગ દળમાં પૂર્વ જિલ્લા કન્વીનર રહી ચુક્યા છે. તે પ્રોપર્ટી ડીલિંગનો ધંધો કરતા હતા. જેના કારણે અનેક લોકો સાથે તેનો વિવાદ પણ ચાલી રહ્યો હતો. ઘટનાની જાણ થતાં એએસપી ચંદ્રશીલ ઠાકુર અને અનેક પોલીસ અધિકારીઓ સહિત હિન્દુ સંગઠનોના કાર્યકરો મોટી સંખ્યામાં હોસ્પિટલ પહોંચ્યા હતા.રાજુ પરમારને ગોળી મારનાર હત્યારા કોણ હતા, હત્યાનું કારણ શું હતું તે હજુ જાણવા મળ્યું નથી. પોલીસે આસપાસની દુકાનોના સીસીટીવી વીડિયો ચેક કર્યા છે. વીડિયોમાં તે સમયે બે યુવકો પગપાળા દોડતા જોવા મળે છે. પોલીસને શંકા છે કે આ યુવકોએ રાજુને ગોળી મારી છે. પોલીસને માહિતી મળી છે કે ગોળીબાર કરનારા બદમાશો પગપાળા રાજુ પરમારને ત્યાં આવ્યા હતા. બંનેએ નજીકથી તેને માથામાં બે વાર ગોળી મારી હતી.

આ દરમિયાન નજીકમાં કોઈના બિંદોરી ડ્રમ્સ વગાડતા હતા, જેના કારણે લોકો ગોળીનો અવાજ સાંભળી શક્યા ન હતા. થોડીવાર પછી ત્યાંથી પસાર થતા લોકોએ રાજુ પરમારને રસ્તા પર બેભાન હાલતમાં જોયો. રાજુ પરમાર ગાયો અને પશુઓને બચાવવાના કામમાં ખૂબ જ સક્રિય હતા.

# તુર્કી - સિરીયામાં વિનાશકારી ભૂકંપમાં મોતનો આંકડો ૨૦ હજારને થઈ શકે : ડબલ્યુએચઓ

એજન્સી દ્વારા

અંકારા,તા.૭

તુર્કી અને સીરિયામાં સોમવારે આવેલા ભૂકંપથી અત્યાર સુધીમાં ૪૦૦૦થી વધુ લોકોનાં મોત થયા છે. ત્રણ મોટા ભૂકંપ બાદ તુર્કી અને સીરિયામાં ભારે તબાહી સર્જાઈ છે. રિક્ટર સ્કેલ પર ૭.૮, ૭.૬ અને ૬ની તીવ્રતાનો ભૂકંપ નોંધાયો હતો. જે બાદ ચારેકોર લાશોના ઢગલાં જોવા મળી રહ્યા છે. પ્રાપ્ત રિપોર્ટ મુજબ, હજારો લોકો ઘાયલ થયા છે અને કાટમાળ નીચે ફસાયેલા પોતાના લોકોને શોધી રહ્યા છે. ભારત સહિત દુનિયાના અનેક દેશોએ રાહત સામગ્રી રવાના કરી દીધી છે. ડિઝાસ્ટર એન્ડ ઈમરજન્સી મેનેજમેન્ટ ઓથોરિટીએ જણાવ્યું કે તુર્કીમાં ભૂકંપથી ૨૯૨૧ અને સીરિયામાં ૧૪૪૪ લોકોનો મોત થઈ ચૂક્યા છે. માનવમાં આવી રહ્યું છે કે, આ મૃત્યુઆંક હજુ પણ વધી શકે છે. પહેલો ભૂકંપ તુર્કીના ગજિયાનટેપ પ્રાંતની નજીક નૂરદાગીમાં આવ્યો હતો, જે સીરિયા બોર્ડર પર છે. બીજો ભૂકંપ એકિનોઝાહુમાં આવ્યો હતો, જે કહારનમારસ પાસે છે અને ત્રીજો ભૂકંપ ગોકસનમાં આવ્યો હતો જે આજ પ્રાંતમાં છે. આ વિનાશક ભૂકંપ બાદ રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગાન તરફથી સાત દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કરવામાં આવ્યો છે. આ દરમિયાન આખા દેશમાં અને બીજા દેશોમાં તેમના દૂતાવાસો પર તુર્કીના ઝંડાને અડધો નમેલો રાખવામાં આવશે. મંગળવારે તુર્કી અને સીરિયામાં ભૂકંપના ઝટકા આવવાનું હજુ પણ ચાલુ છે. ચોવીસ કલાકમાં અહીં અનેક ઝટકા આવી ચૂક્યા છે. જે બાદ લોકોમાં પણ ભારે ડરનો માહોલ છે. WHO તરફથી એવું કહેવામાં આવ્યું છે કે, ભૂકંપના કારણે બંને દેશોનો મૃત્યુઆંક ૨૦ હજાર સુધી પહોંચી શકે છે. સંગઠનના એક સિનિયર ઈમરજન્સી ઓફિસર કૈથરીન સ્મોલવુડનું માનીએ તો હજુ સુધી તબાહીની તસવીરો સામે આવી નથી અને શરુઆતી આંકડાઓની સરખામણીમાં એ આઠ ગણો હોઈ શકે છે. વિશેષજ્ઞોના જણાવ્યા મુજબ, ત્રણ મોટા ઝટકા બાદ અહીં ૧૦૦થી પણ વધુ ઝટકા આવી ચૂક્યા છે. આખા વિશ્વએ તુર્કી અને સીરિયા માટે રાહત સામગ્રી મોકલવાનું શરુ કરી દીધું છે. ભારત સિવાય યુકે, યુરોપિયન યૂનિયન, રશિયા, અમેરિકા, જોર્ડન, મેક્સિકો, જાપાન અને દક્ષિણ કોરિયા જેવા દેશોએ તુર્કીની મદદ માટે પોતાનો હાથ આગળ કર્યો છે. તુર્કી અને સીરિયાના આ શક્તિશાળી ભૂકંપે દક્ષિણ પૂર્વ પ્રાંતના કહારનમારસ પ્રાંતમાં જોરદાર તબાહી સર્જી છે. પરંતુ તેની અસર લેબનાનની રાજધાની બેરુત સિવાય દમિશ્કમાં પણ જોવા મળી છે. મિસ્ર સુધી નાગરિકોમાં ભારે ડર જોવા મળ્યો છે. વર્ષ ૧૯૯૯માં તુર્કીમાં આવો જ એક ભૂકંપ આવ્યો હતો અને તેમાં ૧૮ હજાર લોકોનાં મોત થયા હતા.

# નિર્મલ મેટ્રો

### તંત્રીની કલમે....

અમેરિકી સૈન્ય દ્વારા ચીની જાસૂસી બલૂનને તોડી પાડવું એ વિશ્વની બે મહાન શક્તિઓ વચ્ચેના સંબંધોમાં ભયંકર અવિશ્વાસને પ્રતિબિંબિત કરે છે. ગયા અઠવાડિયે મોન્ટાનામાં બલૂન મળી આવ્યા પછી, રાજદ્વારી કટોકટી ઊભી થઈ. આના પગલે યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ એન્ટની બ્લિંકને ૬ ફેબ્રુઆરીથી શરૂ થનારી ચીનની બહુ અપેક્ષિત મુલાકાત રદ કરી હતી. ટોચના અમેરિકી રાજદ્વારી દ્વારા ૨૦૧૮ પછી આ પ્રથમ પ્રસ્તાવિત મુલાકાત હતી. નવેમ્બરમાં G-20 ની બાલી સમિટમાં બિડેન-Xi મીટિંગ પછી સંમત થયેલા સંબંધોમાં બગાડને રોકવા માટેના મહિનાઓના પ્રયાસોની આ સફર પરાકાષ્ઠા હતી. બલૂન પરના વિવાદે તે પ્રયત્નોને પાટા પરથી ઉતારી દીધા. વધતી જતી ખટાશને પકડવાની અને સંબંધોમાં સ્થિરતા લાવવાની પ્રક્રિયા અટકી ગઈ છે. બેઇજિંગનું કહેવું છે કે બલૂન 'સિવિલિયન' (હવામાન વિજ્ઞાન સાથે સંબંધિત) હતો જેણે તેનો રસ્તો ગુમાવ્યો હતો. ચીને તેને નીચે ઉતારવાની ઉતાવળભરી રીતની ટીકા કરી હતી. બ્લિંકેનની મુલાકાતની પૂર્વસંધ્યાએ યુ.એસ.એ તેના એરસ્પેસ પર જાસૂસી બલૂનની જમાવટને ગંભીર ઉશ્કેરણી તરીકે જોયું. અમેરિકાએ કહ્યું કે આ એક એવું પગલું છે જેને બેઇજિંગ પણ સહન નહીં કરે.

અમેરિકી અધિકારીઓએ સ્વીકાર્યું કે અમેરિકાના આકાશમાં જોવા મળતું આ પહેલું જાસૂસી બલૂન નથી, ટ્રમ્પ વહીવટીતંત્ર દરમિયાન પણ આવી જ ઘટના બની હતી. વર્ષ ૨૦૨૦ અને ૨૦૨૧માં જાપાનમાં અને ગયા વર્ષે ભારતના આંદામાન ટાપુઓમાં પણ ફુગ્ગા જોવા મળ્યા હતા. ત્રણેય સરકારોએ ફુગ્ગાને તોડવા માટે પગલાં લીધાં નથી. આ કદાચ એટલા માટે હતું કારણ કે આધુનિક ઉપગ્રહ-સંચાલિત સર્વેલન્સ સિસ્ટમના યુગમાં, બલૂનને નાશ કરવા માટે પૂરતું મહત્વનું લાગતું ન હતું. આનાથી હવે નવી દિલ્હી અને ટોક્યોને ભવિષ્યમાં આવી ઘૂસણખોરીને કેવી રીતે હેન્ડલ કરવી તે અંગેના તેમના વલણનું પુનઃમૂલ્યાંકન કરવાની તક મળી શકે છે. બેઇજિંગ ફુગ્ગાઓનો ઉપયોગ કરવાના પોતાના ગુણદોષનું પણ પૃથ્થકરણ કરશે, જે ગુપ્ત માહિતી એકત્ર કરવા માટે એક નવા અને ઉશ્કેરણીજનક સાધન તરીકે ઉભરી આવ્યાં છે. એવું લાગે છે કે જો આ બલૂન મોન્ટાના ઉપર જોવા ન મળ્યું હોત, તો બાઈડેન સરકારે તેને શાંતિથી જવા દીધું હોત. બાઈડેન વહીવટીતંત્રને અગાઉ જોવામાં આવેલા ફુગ્ગાઓને નીચે ન પાડવા બદલ યુ.એસ.માં આકરી ટીકાનો સામનો કરવો પડ્યો હતો. આ વખતે બ્લિંકેનની મુલાકાત રદ કરવા સહિતનો પ્રતિભાવ દર્શાવે છે કે ચીન અમેરિકન રાજકારણમાં કેટલો ગરમ મુદ્દો બની ગયો છે. આ વિકાસે બે મહત્વપૂર્ણ દેશો વચ્ચેના સંબંધોનો વિસ્તાર સંકુચિત કર્યો છે. ૨૦૦૧માં ચીનના હૈનાન ટાપુ પર અમેરિકન જાસૂસી વિમાન અને ચીનના યુદ્ધ જહાજ વચ્ચે અથડામણ બાદ બંને દેશોએ ફોન પર વાત કરીને તણાવ ઓછો કર્યો હતો. પરસ્પર હરીફાઈ, તાઈવાન પર ઝઘડો અને સ્થાનિક સ્તરે એકબીજા વિશે ચાલી રહેલી ગરમાગરમ ચર્ચાઓ વચ્ચે કોઈપણ સંકટનો ઉકેલ શોધવો વધુ મુશ્કેલ બની ગયો છે.

# શરીરમાં થતા દુઃખાવાનું કારણ વાયુ હોય છે



ડૉ. શ્રીરામ વૈદ્ય
Mob: ૯૮૨૫૦૦૯૨૪૧
Email:
sgvaid19@outlook.com



કમરના દુખાવા પાછળ ઘણાં કારણો જવાબદાર હોય છે કમરનો દુખાવો સ્નાયુઓનો સાંધાનો દુખાવો જેમાં ઉઠવા બેસવાની ખરાબ આદતો પણ આવી જાય છે. ઘરગથ્થુ ઉપાયઃ સુંઠ?અને અશ્વગંધાનું ચુર્ણ સરખા ભાગે હળવો નાસ્તો કર્યા પછી અડધી ચમચી લો. કમરના દુખાવા માટે?આ શ્રેષ્ઠ?ઔષધી છે. અજમો અને ગોળ સરખે ભાગે મેળવી સવાર સાંજ ખાવાથી કમરનો દુખાવો મટે છે. સુંઠ અને ગોખરુંનો સરખે ભાગે ઉકાળો બનાવી, દરરોજ સવારે પીવાથી કમરનો દુખાવો મટે છે. ખજુરની પાંચ પેશીનો ઉકાળો કરી તેમાં બે ચમચી મેથી ઉમેરી પીવાથી કમરના દુખાવામાં રાહત રહેશે. સુંઠ અને હીંગ નાખીને તેલ કરમ કરી માલીશ કરવાથી કમરના દુખાવામાં ફાયદો થય છે. જાયફળને સરસીયાના તેલમાં ઘસી કમર પર માલીશ કરવાથી કમરનો તેમજ સંધીવાનો દુખાવો મટે છે. સુંઠ, લસણ, અજમો અને રાઈ નાખીને તેલ ગરમ કરી માલીસ કરવાથી કમરના દુખાવામાં આરામ મળે છે. દરરોજ સવાર, બપોર, સાંજ ૧-૧ ગ્લાસ લીલી ચાનો-લેમન ગ્રાસનો ઉકાળો પીવાથી સાંધાનો દુખાવો ,દ્ધૅહંજૅદ્વૈહ ઓછો થવા લાગે છે.

ઉકાળામાં દુધ, સાકર નાખવું હોય તો નાખી શકાય. દેવદારનો બારીક પાઉડર દરરોજ સવાર-સાંજ ૧-૧ ચમચી મધ સાથે ઘણા દીવસો સુધી લેવાથી સાંધાનો દુખાવો મટે છે. સુકા ધાણામાં બમણી સાકર લઈ અધકચરું ખાંડી દરરોજ સવાર-સાંજ ૧-૧ મોટો ચમચો ખુબ ચાવીને ખાવાથી અને એ પછી એકાદ કલાક સુધી પાણી ન પીવાથી સાંધાના અમુક પ્રકારના દુખાવા મટે છે. અશોકવૃક્ષનાં પાન કે તેની છાલનો ઉકાળો નીયમીત પીવાથી સાંધાનો દુખાવો મટે છે. હળદરના સુકા ગાંઠીયા શેકી એટલા જ વજનના સુંઠના ટુકડા સાથે બારીક ખાંડી દરરોજ ૧-૧ ચમચી ચુર્ણ સવાર-સાંજ પાણી સાથે લેવાથી સાંધાનો દુખાવો મટે છે. રાસ્નાનો ઉકાળો કરી તેમાં ગુગળ ઓગાળી સવાર-સાંજ ૧૦-૧૦ ગ્રામ પીવાથી સાંધાનો દુખાવો મટે છે. ૧૦ ગ્રામ ત્રીફળા ચુર્ણને ૨૫૦ ગ્રામ પાણીમાં ઉકાળી ઠંડુ પાડી એક ચમચો મધ મેળવી અડધો કપ સવારે ખાલી પેટે અને અડધો કપ સાંજે સુતાં પહેલાં પીવાથી સાંધાનો દુખાવો મટે છે. બે ભાગ તલ અને એક ભાગ સુંઠના ૧-૧ ચમચી બારીક ચુર્ણનું સવાર-સાંજ હુંફાળા પાણી સાથે સેવન કરવાથી સાંધાનો દુઃખાવો મટે છે. સવાર-સાંજ બીટ ખાવાથી સાંધાનો દુઃખાવો મટે છે, કેમ કે બીટમાં સોડીયમ તથા પોટેશીયમનું સારું પ્રમાણ છે જે સાંધાઓમાં કેલ્શીયમને એકઠો થતો અટકાવે છે.

કમરનો દુખાવો-નમસ્તે ભાઈ,તમારા કહેવા પરથી વાયુને કારણે દુખાવો થયો હોય એમ લાગે છે. જો તમને વીશ્વાસ હોય અને સારા સેવાભાવી વૈદ્ય મળી શકે તેમ હોય તો રુબરુ મળવું જોઈએ, જે પ્રશ્નોત્તરીથી જાણી શકે કે ખરેખર દુખાવાનું કારણ શું છે. એટલે એલોપથીમાં સામાન્ય રીતે વાયુવીકારની દવા હોતી નથી. એ લોકો પેઈનકીલર આપે અને અમુક સમય સુધી દર્દમાં રાહત થાય. કેટલીક વાર વાયુ સમ થતાં દર્દ જતું પણ રહે. વાયુનાશક ઔષધો લેવાં, જે ઘણા પ્રકારનાં હોય છે. તમને અનુકુળ આવે તે લઈ શકાય. મેં નીચે મજબ કમરના દુખાવાના ઈલાજ નોંધ્યા છે.

૩૦ ગ્રામ કપુર અને ૨૦૦ ગ્રામ સરસીયું તેલ ભેળવી કાચની એક બોટલમાં ભરી લઈ ૧૫-૨૦ મિનિટ માટે તડકામાં મુકી રાખો. આનાથી નીયમીત માલીશ કરો. ૨૦ ગ્રામ ગરમ પાણીમાં અડધો ચમચો સીંધવ?ભેળવી તેમાં કપડું પલાળો. આ કપડાથી કમરને શેકવાથી દુખાવામાં રાહત રહેશે. રાતે એક ગ્લાસ ગરમ દુધમાં પા ચમચી સુંઠ?અને હળદર ભેળવી સુતાં પહેલાં નીયમીત રીતે પીવાનું રાખો.

રોજ સવારે નરણા કોઠે અખરોટના ૩-૪ ટુકડા ખુબ ચાવીને ખાવ. ૧૦ ગ્રામ સાકર અને થોડી ખસખસ ક્રશ કરો. આ પાઉડર રોજ રાતે દુધ સાથે લેવાનું રાખો. સીંધવ, સુંઠ?અને મરી સરખા ભાગે લઈ ક્રશ કરો. આ મીશ્રણ એક ચમચી દરરોજ દુધ સાથે લો. બાવળના ગુંદરનો પાઉડર બનાવી દુધ સાથે અડધી ચમચી લેવાથી કમરના દુખાવામાં રાહત થશે. શું ન ખાવું? કમરના દુખાવાને દુર કરવા ચણા, જવ, ચોળા, વટાણા, ભીંડા, રીંગણ, આમલી, ગુવાર, દહીં, છાશ વગેરે પદાર્થો ન લેવા જોઈએ. વાસી ખોરાક ન લેવો, તેલ, મસાલા, અથાણાં ન ખાવાં જોઈએ. શું ખાવું? સાદો-સુપાચ્ય તાજો આહાર લેવો. લસણ, હીંગ, મેથી, અજમો, લીલાં શાકભાજી અને વાયુ દુર કરે તેવો આહાર લેવો. વાયુનો પ્રકોપ થાય તેવું ભોજન લેવાથી કમરનો દુખાવો થાય છે. શું ન કરવું? ઉજાગરા ન કરવા જોઈએ. મળ, મુત્ર, છીંક વગેરેના વેગોને રોકવાનો પ્રયત્ન ક્યારેય ન કરવો. કબજીયાત ન થવા દેવી, ચીંતા, ભય, ક્રોધથી બચવાના પ્રયત્નો કરવા જોઈએ. શું કરવું? જ્યારે પણ ખુરશી પર બેસો ત્યારે પીઠને ખુરશી સાથે ટેકો આપી કરોડરજ્જુને સીધી રાખીને જ બેસો. ખુરશી હાથાવાળી હોવી જોઈએ અને પીઠને ટેકો આપવામાં મદદગાર હોવી જોઈએ., બેસતી વખતે, ચાલતી વખતે અને સુતી વખતે છાતી આગળ અને પેટ દબાયેલું હોવું જોઈએ, એટલે કે કરોડને સીધી રાખવી જોઈએ.

સ્નાયુઓનો દુખાવો, આયુર્વેદ મુજબ શરીરમાં થતા દુખાવાનું કારણ વાયુ હોય છે. ઉંમર વધતાં વાયુની તકલીફ પણ વધે છે. આથી વાયુકારક આહાર બને ત્યાં સુધી ન લેવો, લેવો પડે ત્યારે એનું પ્રમાણ બને તેટલું ઓછું લેવું. દુખાવો થતો રોકવાનો આ ઉત્તમ ઉપાય છે. દુખાવો દુર કરવા પોતાને અનુકુળ ઔષધ લેવું, દુખાવો દુર કરવાનાં ઘણાં ઔષધો છે, નીચે એમાંના કેટલાક ઉપાય આપું છું. નગોડનાં પાનને કપડામાં બાંધી પાણીમાં ગરમ કરી દુખાવાના ભાગ પર શેક કરવાથી લાભ થાય છે. નગોડનાં પાનને પાણીમાં ઉકાળી તેની વરાળથી શેક કરવાથી દુખાવો મટે છે.

વડનાં પાકાં સુકવેલાં ટેટાનું ૧-૧ ચમચી ચુર્ણ સવાર-સાંજ દુધ સાથે લેવાથી દુખાવો મટે છે. સ્નાયુઓનો દુખાવો મટાડવામાં દહીં, છાસ, આમલી જેવી ખટાશ સદંતર બંધ કરવી જોઈએ. પગની એડી, કેડ, ડોક કે સાંધાના દુખાવામાં સવારે ખાલી પેટે મેથીનો તાજો ઉકાળો પીવાથી થોડા જ દીવસોમાં લાભ થાય છે. ૧-૧ ચમચો ગોખરુનું ચુર્ણ સવાર-સાંજ હુંફાળા દુધ સાથે કે પાણી સાથે લેવાથી વા પ્રધાન દુખાવાઓ મટે છે. પ્રયોગ ઘણા લાંબા સમય સુધી જાળવી રાખવાથી સ્થાયી લાભ થઈ શકે. દુખાવો – સર્વ પ્રકારનો એલચી, શેકેલી હીંગ, જવખાર અને સીંધવનો કાઢો કરી તેમાં એરંડીયું મેળવી આપવાથી કમર, હૃદય, દુંટી, પીઠ, મસ્તક, કર્ણ, નેત્ર, પગ વગેરે ઠેકાણે થતું સર્વ પ્રકારનું શુળ મટે છે. સર્વાંગ સંધીવાનો દુખાવો મટે છે થાક લાગવા પાછળ ઘણાં કારણો હોઈ શકે. પગના સાંધા દુખે છે આથી વાયુવીકાર પણ કારણ હોઈ શકે, પણ ચોક્કસ કારણ તો યોગ્ય આરોગ્ય ચીકીત્સક તમારી સાથે પ્રશ્નોત્તરી કરીને કહી શકે, અને તે મુજબ ઉપાય સુચવી શકાય.

સાંધાના દુખાવા વીશે મારી પાસે નીચે મુજબ માહીતી છે, જો આપને એ ઉપયોગી થાય તો યોગ્ય ખાતરી કરીને અજમાવી શકો. ધાનોસાં દુખાવો.

અગર, ચંદન અને લીમડાની છાલનું સરખા ભાગે ચુર્ણ કરી તેનો પાણીમાં બનાવેલો લેપ કરવાથી સોજા અને સાંધાનો દુખાવો મટી જાય છે. શરીરના કોઈ પણ ભાગમાં દુખાવો થતો હોય તો સહેજ ગરમ કરેલાં કરંજનાં પાન બાંધવાથી શીઘ્ર ફાયદો થાય છે. નગોડના તેલ નીર્ગુંડી તેલ,ની માલીશ કરવાથી સાયટીકા, કમરનો દુખાવો, સ્નાયુનો દુખાવો વગેરે મટે છે. સર્વાંગ સંધીવા-આખા શરીરના સાંધાનો દુખાવો-વા અને સોજો હોય તો પીલુડીનો સ્વરસ એક એક ચમચી સવારે, બપોરે અને રાત્રે પીવાથી ખુબ રાહત થાય છે. સોજો અને દુખાવો બંને મટી જાય છે. સાંધાનો વા, સ્નાયુઓનો દુખાવો, પડખાનો દુખાવો, પગની પાની-એડીનો દુખાવો, આ બધા વાયુપ્રકોપના રોગોમાં લસણ ઉત્તમ ઔષધ છે. લસણપાક, લસણની ચટણી, લસણનો ક્ષીરપાક, લસણનું અથાણું, લશુનાદીવટી વગેરેમાંથી કોઈ એક કે બેનો ઉપયોગ કરવો. શતાવરીમાંથી બનાવેલા તેલને નારાયણ તેલ કહે છે. બધી ફાર્મસી બનાવે છે. મહાયોગરાજ ગુગળ સ્નાયુઓનો દુખાવો, કોઈપણ અંગનો સોજો, કંપવા તથા સર્વ પ્રકારના વાયુના રોગોમાં ફાયદો કરે છે. સાંધાનો સોજો અને દુખાવો મેંદીનાં પાન વાટી લેપ કરવાથી મટી જાય છે..

# મારી દ્રષ્ટિએ બુદ્ધ એ શાશ્વત કરુણાવતાર છે : મોરારીબાપુ



કથાનો પ્રારંભ કરતા બાપુએ કહ્યું કે આપણા બધા માટે એ ખૂબ જ સૌભાગ્યની વાત છે કે ભગવાન ગૌતમ બુદ્ધ શાક્યમુનિની આ ભૂમિ પર ભગવાન બુદ્ધના જીવનમાંથી પ્રકાશ અને પ્રેરણા મેળવવા અહીં આવ્યા.જો કોઈ મને પૂછે તો હું એટલું જ કહી શકું કે ભગવાન બુદ્ધ કરુણાના અવતાર છે.જોકે કરુણામૂર્તિ શબ્દનો ઉપયોગ સાહિત્ય અને અન્ય ગ્રંથોમાં થયો છે પણ મારી દૃષ્ટિએ તે શાશ્વત કરુણાવતાર છે.કથા ગાવા શાંતિ, સંવાદિતા,સંવાદ,સદ્ભાવના,પરસ્પર પ્રેમ અને કરુણાના અનુષ્ઠાન કરવા પરમ પવિત્ર ભૂમિ પર આવવાની મારી પણ પ્રબળ ઈચ્છા હતી.

ગઈકાલે પ્રાગટ્ય ભૂમિની મુલાકાત લીધી હતી અને સાત્વિક સમારોહમાં વડા ભિખ્ખુની શાલીનતા, સૌમ્યતા અને સંવાદને વંદન કરતા અને સૌને નમન કરતા બાપુએ કહ્યું કે હું ૭૦ વર્ષથી બોલું છું મને ભગવાન બુદ્ધ પાસેથી બુદ્ધપુરૂષ શબ્દ મળ્યો છે અને ઓશોએ તેનું સમર્થન કર્યું છે.ભગવાન બુદ્ધ અહીં ૨૫૦૦ વર્ષ પહેલા પ્રગટ થયા હતા.જેટલા બુદ્ધ પુરુષો ત્યાં આ જ સમયગાળામાં આવ્યા હશે,મારો અંગત મત છે,તમારે બધાને માનવું જરૂરી નથી,પરંતુ બુદ્ધને પહેલા વંદન કરવા લાયક માનું છું.રામકથાના તમામ પુષ્પો અત્તર સ્વરૂપે લેતા,સાર સ્વરૂપે કયો સંદર્ભ પસંદ કરવો જે મનને,તમને,મને વિશેષ આનંદ આપે?હું વિચારી રહ્યો હતો.શું મારે માનસ લુમ્બિની પર બોલવું જોઈએ? ક્યારેય માનસ બુદ્ધપુરુષ પર બોલવાનું વિચાર્યું છે,પછી માનસ બુદ્ધભગવાન પર બોલવાનું વિચાર્યું પણ આપણી ઓકાત ક્યાં છે! બુદ્ધ તો કરુણાનો સાગર છે,કોણ બોલી શકે? તેથી માનસ બુધ્ધત્વ પર બોલવાનું નક્કી કર્યું.આ કેન્દ્રીય વિષય છે.મારા અને તમારા મનને ઉજાગર કરવા બાલકાંડની બે પંક્તિઓ લીધી.ભગવાન બુદ્ધે તેમના ઉપદેશોમાં,પ્રવચનોમાં,દેષણાઓમાં પાલી ભાષાને પ્રાધાન્ય આપ્યું હતું.તેઓ આમ જનતા સુધી પહોંચવા માંગતા હતા અને જો તમે તુલસીજીને જુઓ તો તેમણે ભોજપુરી,અવધી અને બ્રજ ભાષાનો આશ્રય લીધો છે, જો આ ત્રણેય ભાષાઓનો યોગ્ય રીતે અભ્યાસ કરવામાં આવે તો રામચરિતમાનસને લઈને આજે ચાલી રહેલા તમામ વિવાદોનો અંત આવશે.લોક બોલીમાં ભગવાન બુદ્ધ આવ્યા અને તુલસીજી પણ આવ્યા.તેથી જ મેં આ પંક્તિ પસંદ કરી.ગ્રામ્યગિરામાં રચાયેલ રામચરિતમાનસ સાક્ષર લોકોને આરામ આપવા જઈ રહ્યું છે.આ સાક્ષર લોકો જ્યારે થાકી જાય છે ત્યારે તેઓ ચોપાઈનો ખાટલો ઢાળીને આરામ મેળવી શકે છે.તમામ જનતાનાં મનને રંજન મળે અને કલયુગના કલુષ,મલિનતા, પાપોનો નાશ કરનારી આ કથા છે.

મારા બુદ્ધ પુરુષ મારા ગામના એક ખૂણામાં બેઠા હતા જ્યાંથી મને આ સદ્ગ્રંથ મળ્યો.રામચરિતમાનસની સંવાદી ચર્ચામાં બુદ્ધની પ્રેરણાથી જ બુધ્ધનાં જીવનનાં સાત કાંડ જોઉં છું: બાલકાંડનો સાર છે:નિર્દોષતા.બુદ્ધની યાત્રાનું પ્રથમ પગલું નિર્દોષતા છે.માણસ ત્રણ રીતે દોષિત હોય છે: બાળક જન્મથી નિર્દોષ હોય છે,પણ ક્યાંક ને ક્યાંક વાત, પિત્ત અને કફની ખામી બાળકમાં ઉતરી જાય છે.જ્યારે બાળક મોટું થાય છે ત્યારે સંગનો દોષ દાખલ થાય છે.ખરાબ સંગતના કારણે તે ખરાબ કર્મમાં ફસાઈ જાય છે.પરંતુ ભગવાન બુદ્ધના જીવનમાં જન્મથી, કર્મોથી અને સંગથી કોઈ દોષ નથી,તે ત્રણેય રીતે નિર્દોષ છે.ભગવાન બુદ્ધનું બાળપણ ત્રણેય વિધાથી નિર્દોષ છે.અયોધ્યાકાંડ એ યુવાનીનો કાંડ છે.યુવાનીમાં રાજ્ય છોડીને રામને વનમાં જવું પડ્યું હતું અને બુદ્ધે પણ યુવાનીમાં ત્યાગ કર્યો.અરણ્યકાંડ એ તપસ્યાનો કાંડ છે.ભગવાન બુદ્ધના જીવનનો અરણ્યકાંડ તપસ્યાથી ભરેલો છે,કડી-કઠોર તપસ્યા છે. યુવાનીમાં પણ અમુક દોષ હોય છે,તપસ્વીમાં પણ અમુક દોષ હોય છે પણ બુદ્ધ તમામ દોષોથી મુક્ત છે.કિષ્કિંધકાંડનો સાર મિત્રતા છે.ભગવાન બુદ્ધના જીવનમાં મિત્રતા શબ્દે વિશ્વને શીતળ પ્રકાશ આપ્યો છે.મિત્રતાના કોઈ દોષ બુધ્ધમાં દેખાતા નથી.પાંચમો-સુંદરકાંડ બુદ્ધ ખૂબ જ સુંદર છે.આંતરિક બાહ્ય જીવન સુંદર છે. નિર્દોષતા, ઉદાસીનતા,વ્રત,તપ,મૈત્રી,સુંદરતાના આવવાથી સંઘર્ષ શરૂ થાય છે.આ લંકાકાંડ એ જીવન સંઘર્ષની પરાકાષ્ઠા છે.જ્યારે બોધ આવે છે ત્યારે દરેક વ્યક્તિમાં આવે તે સ્વાભાવિક છે.ઉત્તરકાંડ એ કરુણાના અવતારનો કાંડ છે.બુધ્ધ જેને નિકટ ન પડે તેનું દુર્ભાગ્ય!

બાલકાંડમાં બુદ્ધ નિર્દોષાવતાર છે.અયોધ્યાકાંડમાં ઉદાસિના વવતાર, અરણ્યકાંડમાં તપસ્યા અવતાર, કિષ્કિંધમાં મૈત્રીઅવતાર,સુંદરકાંડમાં સુંદરાવતાર, બુદ્ધ લંકાકાંડમાં સંઘર્ષાવતાર અને ઉત્તરકાંડમાં કરુણાવતાર છે.બુધ્ધત્વ આવે ત્યાં યુધ્ધત્વ બચતું નથી.

હનુમંત વંદના સાથે આજની કથાનું સમાપન થયું.

**શું છે લુમ્બિની ?**

લુમ્બિની નેપાળના રૂપાંદેહી જિલ્લામાં સ્થિત યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટ છે. તે બૌદ્ધ ધર્મના સ્થાપક ગૌતમ બુદ્ધનું જન્મસ્થળ માનવામાં આવે છે. લુમ્બિની એ બૌદ્ધો માટેના ચાર મુખ્ય તીર્થસ્થાનોમાંનું એક છે અને દર વર્ષે લાખો મુલાકાતીઓને આકર્ષે છે. લુમ્બિની હેરિટેજ સાઈટમાં પવિત્ર માયા દેવી મંદિર, અશોક સ્તંભ, પવિત્ર બોધિ વૃક્ષ અને વિવિધ દેશો દ્વારા બાંધવામાં આવેલા કેટલાક મઠો સહિત પુરાતત્વીય અને ધાર્મિક સ્મારકોની શ્રેણીનો સમાવેશ થાય છે. આ સ્થળને શાંતિનું પ્રતીક અને વિશ્વભરના લોકો માટે પ્રેરણા સ્ત્રોત માનવામાં આવે છે.ગઈકાલે મોરારિબાપુનાં આગમનને અહીંની પરંપરા મુજબ દિવ્ય રીતે સ્વાગત અભિવાદન થયું.આ હેરિટેજ સાઈટની અતિશય ખાસ મહેમાનોની મુલાકાત ડાયરીમાં બાપુએ હસ્તાક્ષરોમાં અહીંની દિવ્યતા,શાંતિ અને આનંદની અનુભૂતિનો સંદેશ લખ્યો.

# ક્રૂડ તેલના વાયદાના ભાવમાં રૂ.૧૨૬નો ઉછાળોઃ સોના-ચાંદીમાં સામસામા રાહ




મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં મંગળવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૪૭,૦૮૨ સોદાઓમાં કુલ રૂ.૨૦,૧૩૭.૮૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૭૩૧૯.૦૭ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૧૨૭૯૦.૪૮ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૬૨,૩૦૦ સોદાઓમાં કુલ રૂ.૪,૫૧૭.૭૨ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૭,૦૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૭,૨૪૮ અને નીચામાં રૂ.૫૬,૯૮૨ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૭૧ વધી રૂ.૫૭,૦૨૬ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૭૭ વધી રૂ.૪૫,૭૬૧ અને ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧ વધી રૂ.૫,૬૦૩ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૭,૦૦૦ના ભાવે ખૂલી, રૂ.૨૫ વધી રૂ.૫૬,૯૫૧ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૭,૬૩૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૭,૮૪૫ અને નીચામાં રૂ.૬૭,૨૫૨ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૫૧ ઘટી રૂ.૬૭,૩૪૮ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૬૦ ઘટી રૂ.૬૭,૫૩૩ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૪૪ ઘટી રૂ.૬૭,૫૪૨ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૭,૫૧૭ સોદાઓમાં રૂ.૧,૨૪૫.૬૩ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ ફેબ્રુઆરી વાયદો ૧ કિલોદીઠ રૂ.૧.૦૫ ઘટી રૂ.૨૨૦.૫૦ અને જસત ફેબ્રુઆરી વાયદો રૂ.૨.૫૦ ઘટી રૂ.૨૭૫ના ભાવ થયા હતા. આ સામે તાંબુ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૦.૬૦ ઘટી રૂ.૭૬૯.૭૦ તેમ જ સીસું ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૦.૩૫ ઘટી રૂ.૧૮૪ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૨૯,૫૭૩ સોદાઓમાં કુલ રૂ.૧,૫૫૧.૦૯ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૬,૧૬૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૨૯૫ અને નીચામાં રૂ.૬,૧૬૯ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૧૨૬ વધી રૂ.૬,૨૫૭ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૪ વધી રૂ.૨૦૪.૯૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૯૨ સોદાઓમાં રૂ.૪.૬૩ કરોડનાં કામકાજ થયા હતા. મેન્થા તેલના વાયદાઓમાં ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૦.૭૦ ઘટી રૂ.૧૦૦૭.૩૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૪૨૮.૯૦ કરોડનાં ૪,૨૫૧.૪૬૮ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૨,૦૮૮.૮૨ કરોડનાં ૩૦૭.૬૫૨ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૯૭૦.૩૬ કરોડનાં ૧૫,૫૧,૬૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૫૮૧ કરોડનાં ૨૭૯૬૬૨૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૪.૬૩ કરોડનાં ૪૫.૭૨ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૨૨,૨૮૧.૨૩૩ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૮૩૪.૧૧૧ ટન, ક્રૂડ તેલમાં ૮૦૭૪૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૫૬૯૯૦૦૦૦ એમએમબીટીયૂ તેમ જ મેન્થા તેલમાં ૪૩૧.૨૮ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૨૮.૨૭ કરોડનાં ૩૬૨ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૧૫,૬૧૮ના સ્તરે ખૂલી, ૧૫ પોઈન્ટ વધી ૧૫,૬૦૧ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૧૨,૭૯૦.૪૮ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩૮૬.૩૧ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૮૫.૧૮ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૧,૩૦૪.૭૦ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૯૧૩.૯૦ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૨૫૮.૨૪ કરોડનું થયું હતું. સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૬,૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૧૯ ખૂલી, ઉપરમાં રૂ.૧૬૫.૩૦ અને નીચામાં રૂ.૧૧૯ રહી, અંતે રૂ.૪૨.૧૦ વધી રૂ.૧૪૯ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી રૂ.૨૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૧.૨૦ ખૂલી, ઉપરમાં રૂ.૧૩.૩૦ અને નીચામાં રૂ.૧૧.૨૦ રહી, અંતે રૂ.૧.૬૫ વધી રૂ.૧૧.૭૫ થયો હતો. સોનું માર્ચ રૂ.૫૭,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૮૩૦ ખૂલી, ઉપરમાં રૂ.૯૧૩ અને નીચામાં રૂ.૭૯૫.૫૦ રહી, અંતે રૂ.૩૬.૫૦ વધી રૂ.૮૩૫.૫૦ થયો હતો. ચાંદી ફેબ્રુઆરી રૂ.૭૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૬૦૦ ખૂલી, ઉપરમાં રૂ.૬૪૦ અને નીચામાં રૂ.૫૧૦ રહી, અંતે રૂ.૪૬.૫૦ ઘટી રૂ.૫૫૬ થયો હતો. સોનું-મિની ફેબ્રુઆરી રૂ.૫૮,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૪૩ ખૂલી, ઉપરમાં રૂ.૨૭૫ અને નીચામાં રૂ.૨૩૩ રહી, અંતે રૂ.૧૬.૫૦ વધી રૂ.૨૪૦.૫૦ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૬,૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૭૩.૨૦ ખૂલી, ઉપરમાં રૂ.૧૭૬.૮૦ અને નીચામાં રૂ.૧૨૮.૭૦ રહી, અંતે રૂ.૭૦.૭૦ ઘટી રૂ.૧૪૫.૭૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી રૂ.૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૦.૪૦ ખૂલી, ઉપરમાં રૂ.૧૧.૮૫ અને નીચામાં રૂ.૧૦.૩૫ રહી, અંતે રૂ.૧.૮૫ ઘટી રૂ.૧૧.૫૦ થયો હતો. સોનું માર્ચ રૂ.૫૭,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૮૧૯.૫૦ ખૂલી, ઉપરમાં રૂ.૮૧૯.૫૦ અને નીચામાં રૂ.૬૮૪ રહી, અંતે રૂ.૩૫ ઘટી રૂ.૭૮૪.૫૦ થયો હતો. ચાંદી ફેબ્રુઆરી રૂ.૬૭,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૧૧૮ ખૂલી, ઉપરમાં રૂ.૧,૨૪૧.૫૦ અને નીચામાં રૂ.૯૯૩.૫૦ રહી, અંતે રૂ.૧ વધી રૂ.૧,૨૦૫.૫૦ થયો હતો. સોનું-મિનીફેબ્રુઆરી રૂ.૫૬,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૦૦ ખૂલી, ઉપરમાં રૂ.૨૩૭.૫૦ અને નીચામાં રૂ.૧૭૭ રહી, અંતે રૂ.૨ ઘટી રૂ.૨૨૦.૫૦ થયો હતો.

# કેન્દ્રીય બજેટ FY2023-24 – પરિપ્રેક્ષ સાચી બાબતો પર એકનજર : વિકાસ, સુધારા અને આર્થિક સમજદારી પર ધ્યાન

એજન્સી દ્વારા

વૈશ્વિક વૃદ્ધિના સંતુલનને ધ્યાનમાં રાખીને આર્થિક સ્થિતિસ્થાપકતાને વેગ આપવાના પ્રયાસોને આગળ વધારતા, કેન્દ્રીય બજેટ ૨૦૨૩-૨૪ યોગ્ય દિશામાં પ્રમાણસર પગલાં લેવાનો પ્રયાસ કર્યો છે. નાણાકીય સમજદારી સાથે ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને મૂડી ખર્ચને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરવું એ એક મોટી સકારાત્મક બાબત છે. બજેટમાં ચૂંટણી પૂર્વેના વર્ષમાં લોકોને લલચાવવા માટે લેવામાં આવતા પગલાંને યોગ્ય રીતે ટાળવામાં આવ્યા છે અને લાંબા ગાળાના વિકાસને પ્રાથમિકતા આપી છે.

બજેટમાં મૂડી ખર્ચ સામે મહેસૂલ ખર્ચ દ્વારા લાંબા ગાળાના વિકાસને પ્રાથમિકતા આપવા માટે યોગ્ય દિશામાં પગલાં લીધા છે. તેમાં કેપેક્સ આધારિત વિકાસ પર ભાર મૂકવાની સાથે જ, વિશ્વસનીય નાણાકીય મજબૂતીકરણમાં પ્રગતિના માર્ગને વળગી રહેવાના મહત્વને પણ ઓળખવામાં આવ્યું છે. મેન્યુફેક્ચરિંગ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પ્રોત્સાહન આપવાના પગલાં અર્થતંત્રના પૂરવઠાના પરિબળ પર ધ્યાન આપે છે. ટેક્સમાં આપેલી રાહતના પગલાં દ્વારા સ્થાનિક માંગને વેગ આપવો, સ્વચ્છ ઉર્જા પહેલ પર ધ્યાન કેન્દ્રિત કરવું અને ડિજિટલ પર વિશેષ ભાર મૂકવામાં આવે તે તમામ મુદ્દાઓ બજેટમાં કેન્દ્ર સ્થાને રહેલા ક્ષેત્રો છે. ૠરૂ૨૪માં રાજકોષીય ખાધનો લક્ષ્યાંક ૫.૯% સુધી ઘટાડીને સુધારી દેવામાં આવ્યો છે.

Printed, Published and Owned by NARENDRA G. JOSHI and Printed at Bhoomi Offset Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, AHMEDABAD - 380002 and published from H-115/991, Nirmal Appartments, Opp. Jaymangal BRTS Bus Stop, 132' Ring Road, Naranpura, AHMEDABAD-380 063. Editor- NARENDRA G. JOSHI.

### વ્યક્તિગત જીવનને લઈ અભિનેત્રી ફરી ચર્ચામાં

# રાખી સાવંતે ચોરીની ફરિયાદ કરતાં પતિ આદિલની ધરપકડ

નવી મુંબઈ, તા.૭

હંમેશા ચર્ચામાં રહેનારી અભિનેત્રી રાખી સાવંત ફરી એકવાર પોતાની પર્સનલ લાઈફને લઈને ચર્ચામાં આવી છે. રાખીએ થોડા સમય પહેલાં જ આદિલ દુરાની સાથે લગ્ન કર્યા હતા.રાખી સાવંત અને આદિલ દુરાનીએ ગયા મહિને કોર્ટ મેરેજ કર્યા હતા.તેમજ પોતાનું નામ બદલિને ફાતિમા કર્યું હતું. હવે રાખીએ તેના બીજા પતિ આદિલ દુરાની વિરુદ્ધ મુંબઈના ઓશિવારા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. રાખીએ આરોપ લગાવ્યો છે કે, તે પોતાના પૈસા અને દાગીના લઈને ઘરમાંથી ભાગી ગયો છે.

મળતી માહિતી પ્રમાણે પોલીસે આદિલ સામે આઈપીસીની કલમ ૪૦૬-૪૨૦ હેઠળ એફઆઈઆર નોંધી છે અને આ પછી રાખી સાવંતના પતિ આદિલ ખાન દુરાનીની ઓશિવારા પોલીસે પૂછપરછ માટે ધરપકડ કરી છે. અગાઉ રાખીએ આદિલ વિશે મિડિયાને જણાવ્યું હતું કે, રાખીએ આરોપ લગાવ્યો કે, આદિલ તેની સાથે હેરાન પણ કરી રહ્યો છે. તેણે મારો ઉપયોગ બોલિવૂડમાં પોતાનું નામ બનાવવા માટે કર્યો છે. આદિલે મારી પાસેથી મારા જ ઘરની ચાવી અને મારા પૈસા છીનવી લીધા છે અને એ પાછી આપવાનો ઈનકાર કરી રહ્યો છે.

રાખીએ દાવો કર્યો હતો કે, આદિલે તેને કહ્યું હતું કે તે રાખીથી અલગ થઈ ગયો છે અને તે તેની ગર્લફ્રેન્ડ તનુ સાથે રહે છે. કર્ણાટકનો રહેવાસી આદિલ ખાન દુર્રાની ૨૭ વર્ષનો છે અને કારનો બિઝનેસ કરે છે.

# જેગુઆર TCS રેસિંગ ભારતમાં ફોર્મ્યુલા ઈ ડેબ્યૂ તરીકે પ્રારંભિક ગ્રીક્રો હૈદરાબાદ ઈ-પ્રીક્સ માટે સજ્જ

એજન્સી દ્વારા

જેગુઆર TCS રેસિંગમાં આ સપ્તાહન્તમાં તેમના જેગુઆર I-TYPE ૬માં ૨૦૨૩ ABB FIA ફોર્મ્યુલા ઈ વર્લ્ડ ચેમ્પીયનશિપમાં ડેબ્યૂ કરે છે જે હૈદરાબાદની શેરીઓમાં સૌપ્રથમ ફરશે.

ગ્રીક્રો હૈદરાબાદ ઈ-પ્રિક્સમાં શનિવારે ૧૧ ફેબ્રુઆરીના રોજ સ્થાનિક સમય અનુસાર ૧૫:૦૦ વાગ્યે લાઈટ્સ લીલી થઈ જશે, જે ઓલ-ઈલેક્ટ્રિક વર્લ્ડ ચેમ્પિયનશિપની સિઝન ૯ માટેના ચાર તદ્દન નવા રેસ સ્થાનોમાંથી પ્રથમ છે. હૃદય આકારના હુસૈન સાગર સરોવરના કિનારે સ્થિત ૨.૮૩ કિમીની સ્ટ્રીટ સર્કિટના ૩૨ લેપ્સની રેસનો સમાવેશ થાય છે.

ડ્રાઈવર્સ મિચ ઈવાન્સ અને સેમ બર્ડ



જાન્યુઆરીમાં દિરિયાહ ડબલ-હેડરમાં સકારાત્મક પ્રદર્શનને પગલે વધુ પોઈન્ટ્સ અને પોડિયમ મેળવવાનું લક્ષ્ય ધરાવે છે. રાઉન્ડ બે અને ત્રણમાં, સેમે ત્રીજું અને ચોથું સ્થાન મેળવ્યું, જ્યારે મિચે અનુક્રમે દસમા અને સાતમા સ્થાને રહીને પોઈન્ટ મેળવ્યા હતા. અને ક્વોલિફાઈંગ અને રાઉન્ડ ત્રણના પ્રારંભિક તબક્કામાં પર્ફોમન્સ કર્યુ જ્યારે તેણે પ્રથમ ખૂણાથી રેસનું નેતૃત્વ કર્યું હતુ. જેગુઆર TCS રેસિંગએ છઈઈ સાથે નવી ભાગીદારીની જાહેરાત કરી છે જેઓ સત્તાવાર સપ્લાયર તરીકે જોડાય છે. પેઈન્ટ ઉદ્યોગ માટે ક્રાંતિકારી, AERO અદ્યતન, અદભૂત સુવ્યવસ્થિત અને ટકાઉ ઉત્પાદન અને એપ્લિકેશન પ્રક્રિયા સાથે અદ્યતન, ફિલ્મ-આધારિત સામગ્રી તકનીકોનો ઉપયોગ કરીને પરંપરાગત કાર પેઈન્ટનો આમૂલ વિકલ્પ પ્રદાન કરે છે. AERની સેલ્ફ-હીલિંગ ફિલ્મ સિસ્ટમનો ઉપયોગ જેગુઆર I-TYPE ૬ની નવી બ્લેક, વ્હાઈટ અને ગોલ્ડ એસિમેટ્રિક લિવરી પર થાય છે. અવિશ્વસનીય રીતે ટકાઉ અને હળવા વજનની, AEROની ટેક્નોલોજી યુરેથેન ફિલ્મ કેમિસ્ટ્રી પર આધારિત છે જે અન્ય કોટિંગ સિસ્ટમ્સ કરતાં વધુ સારી કઠિનતા પૂરી પાડે છે તેની સાથે સ્પ્રે-એપ્લાઈડ પેઈન્ટ કરતાં ૬૦% હળવા છે. શૂન્ય કાર્બનનું ઉત્સર્જન, નો વોલેટાઈલ ઓર્ગેનિક કમ્પાઉન્ડ્સ (VOCs) અને પોલીવિનાઈલ ક્લોરાઈડ (PVC) કમ્પાઉન્ડ્સ વગરના પર્યાવરણીય લાભોની સંપત્તિ સાથે લઈને, છઈઈનું ઉત્પાદન વિશ્વની પ્રથમ નેટ કાર્બન ઝીરો સ્પોર્ટમાં ટીમની સહભાગિતાનો પડઘો પાડે છે.

જેગુઆર TCS રેસિંગ ટીમ પ્રિન્સીપાલ જેમ્સ બર્કલેઃ "૨૦૨૩ રેસ કેલેન્ડર જાહેર કરવામાં આવ્યું ત્યારથી, હૈદરાબાદ એ ટ્રેક્સમાંનું એક છે જેની આખી ટીમ રાહ જોઈ રહી છે. ફોર્મ્યુલા ઈ માં આગળના ત્રણ રેસ સ્થાનો નવા છે અને અમે ટીમ તરીકે નવા સર્કિટના પડકારનો આનંદ માણીએ છીએ.

# કાર્ટૂન કોર્નર




# ભોપાલમાં ઐશ્વર્યા ખરેના માતા-પિતાને ટ્રાન્સજેન્ડર સમુદાય પાસેથી અદભુત પ્રશંસા મળી

ઝી ટીવીના ભાગ્ય લક્ષ્મીએ તેના પ્રિમિયરથી હંમેશા સારા કારણથી જ સમાચારમાં રહ્યો છે. તેને દર્શકોના દિલમાં તેનું અલગ જ સ્થાન બનાવ્યું છે, ઐશ્વર્યા ખરે અને રોહિત સુચાંતિ ઉર્ફે આપણા પોતાના ઈરિષમીએ હવે ઘર-ઘરમાં જાણિતા બન્યા છે. જો કે, તાજેતરમાં જ દર્શકો એ જોઈને આશ્ચર્યમાં પડ્યા કે, રિષી એ લક્ષ્મી (ઐશ્વર્યા ખરે)નો વિશ્વાસ તોડ્યો અને છૂટાછેડા આપ્યા. તેનાથી અલગ થયા બાદ, રિષીએ મલિષ્કા (માઈરા મિશ્રા) સાથે લગ્ન કરવા આયોજન કરી રહ્યો છે, જ્યારે લક્ષ્મી પણ છૂટાછેડા બાદ બલવિંદર (અંકિત ભાટિયા) સાથે લગ્ન કરવા તૈયાર છે. પણ અચાનક જ,તેને તેના લગ્ન પહેલા બલવિંદરની પત્નિ કમલી વિશે જાણવા મળ્યું, જે તેના બાળક સાથે ગર્ભવતી છે. ભાગ્ય લક્ષ્મીમાં કેટલાક અદભુત વણાંક આવી રહ્યા છે, જે દિવસને દિવસે



ખરેખર રોમાંચક બની રહી છે!જ્યારે બધા કલાકારો દરેકનું મનોરંજન કરવા માટે સતત કામ કરી રહી છે, ત્યારે એવું લાગી રહ્યું છે કે, ઐશ્વર્યા ખરે એટલે કે, આપણી પોતાની લક્ષ્મીએ તેમન ચાહકો પાસેથી ઘણો પ્રેમ અને આશિર્વાદ મેળવ્યો છે. હકિકતે તો, તાજેતરમાં જ કેટલાક વ્યંઢળો ભોપાલમાં તેમના ઘરે ગયા હતા અને તેના માતા-પિતાની સામે લક્ષ્મીની ખૂબ જ પ્રસંશા કરી હતી. ઐશ્વર્યાના પિતાને તેની દિકરી પર એટલો ગર્વ છે કે, તેને તેના ઘરની બહાર લક્ષ્મીનું મોટું પોસ્ટર લગાવ્યું છે. અને જ્યારે ટ્રાન્સજેન્ડર સમુદાયના કેટલાક સભ્યોએ તેના પોસ્ટરને જોયું તો, તેને ઘરની મુલાકાત લીધી અને તેના પિતાને નવી કારની ખરીદી પર તેને આશિર્વાદ આપ્યા તથા અભિનેત્રીના પર્ફોર્મન્સના પણ વખાણ કર્યા. તેમને એ પણ જણાવ્યું કે, તેઓ લક્ષ્મીના બહું મોટા ચાહક છે અને તેમને લક્ષ્મીને એક વિડીયો સંદેશો પણ મોકલ્યો, જેમાં તેમને કહ્યું હતું કે, તેઓ ક્યારેય ભાગ્ય લક્ષ્મીના એક પણ એપિસોડ ચુક્યા નથી અને તેઓ રિષમીની જોડીને પણ ખૂબ ચાહે છે.

ઐશ્વર્યા કહે છે, "ભોપાલમાં મારા માતા-પિતાએ તાજેતરમાં જ એક નવી કાર ખરીદી છે.

# ડીજીજીઆઈ અને એનએફએસયુએ આજે ડિજિટલ ફોરેન્સિક લેબોરેટરીની સ્થાપના માટે સમજૂતી કરાર (એમઓયુ) પર હસ્તાક્ષર કર્યા

એજન્સી દ્વારા

GST ઈન્ટેલિજન્સ ડિરેક્ટોરેટ જનરલ (DGGI) અને નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી (NFSU) એ આજે માહિતી અને જ્ઞાન, ટેકનોલોજીના આદાનપ્રદાન સાથે ડિજિટલ ફોરેન્સિક લેબોરેટરીની સ્થાપના તથા ડિજિટલ ફોરેન્સિક્સના ક્ષેત્રમાં પ્રગતિ અને કૌશલ્ય વિકાસ માટે સમજૂતી કરાર (એમઓયુ) પર હસ્તાક્ષર કર્યા. એમઓયુ પર શ્રી સુરજીત ભુજબલ, પ્રિ. ડાયરેક્ટર જનરલ, DGGI અને ડૉ. જે.એમ. વ્યાસ, વાઈસ ચાન્સેલર, NFSU, ગાંધીનગર દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યા. DGGI એ સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈનડાયરેક્ટ ટેક્સીસ એન્ડ કસ્ટમ્સ (CBIC) હેઠળ માહિતીના સંગ્રહ અને પ્રસાર માટે અને GST ની ચોરીને રોકવા માટે જરૂરી પગલાં લેવા માટે સર્વોચ્ચ ગુપ્તચર સંસ્થા છે. NFSU એ ફોરેન્સિક સાયન્સ અને સંબંધિત ક્ષેત્રોમાં અભ્યાસ



અને સંશોધનને પ્રોત્સાહન આપવા માટે ભારતની સંસદ દ્વારા સ્થાપિત રાષ્ટ્રીય મહત્વની સંસ્થા છે. NFSU એ ફોરેન્સિક સાયન્સના ક્ષેત્રમાં પ્રથમ અને એકમાત્ર સંસ્થા છે અને તેની પાસે ડિજિટલ ફોરેન્સિક ક્ષેત્રે અત્યાધુનિક ટેકનોલોજી અને ડિજિટલ પુરાવાનો અભ્યાસ અને વિશ્લેષણ કરવાની ક્ષમતા છે. તેણે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ, ડીઆરડીઓ અને સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન વગેરે જેવી વિવિધ રાષ્ટ્રીય એજન્સીઓ તેમજ કેટલાક દેશો અને તેમની સંસ્થાઓ સાથે ડિજિટલ ફોરેન્સિક્સના ક્ષેત્રમાં સહયોગ સ્થાપિત કર્યો છે.

# નુવોકોએ ગ્રાહક સહાય માટે ટેક એક્સપ્રેસ (ટેકનિકલ મોબાઈલ વેન)ની શરૂઆત કરી

એજન્સી દ્વારા

ભારતની પાંચમાં ક્રમનું સૌથી મોટુ સિમેન્ટ ગ્રુપ અને ક્ષમતાના સંદર્ભમાં પૂર્વ ભારતમાં અગ્રણી સિમેન્ટ કંપની નુવોકો વિસ્ટાસ કોર્પ લિમિટેડે ટેક એક્સપ્રેસ-ઓન-ધ-ગો સાઈટ સર્વિસની શરૂઆત કરી છે. કંપનીએ કાર્યક્ષમ બાંધકામ પ્રક્રિયાને સુનિશ્ચિત કરવા માટે ઉત્તર, પૂર્વ અને મધ્ય ભારતના બજારોમાં તેના ગ્રાહકોને ઓન-સાઈટ સેવાઓ પૂરી પાડવા માટે પચાસ ટેક એક્સપ્રેસ વ્હિકલ્સ (ટેકનિકલ મોબાઈલ વાન) રજૂ કર્યા છે. કોઈપણ બાંધકામ દરમિયાન સૌથી મહત્વપૂર્ણ કામોમાંથી એક કામ કોંક્રિટ નાખવાનું હોય છે, જેના માટે વધારાની દેખરેખની જરૂરીયાત હોય છે. ટેક એક્સપ્રેસ એક વેલ્યુ એડેડ (મૂલ્ય વર્ધિત) સર્વિસ છે જે નુવોકો તેના ગ્રાહકોને સતત અને ઉચ્ચ ગુણવત્તા



વાળી કોંક્રિટ પૂરી પાડવાનું સુનિશ્ચિત કરવા માટે વધારાના કોઈપણ ખર્ચ વગર કોંક્રિટ પ્લેસમેન્ટ વખતે પૂરી પાડે છે. આ વાહન સામગ્રીના ઓન-સાઈટ મૂલ્યાંકન માટે જરૂરી પરીક્ષણ સુવિધાઓ અને ઉપકરણો સાથે સાથે વ્યાવસાયિક સિવિલ એન્જીનિયર કેપ્ટન નુવોકોની મદદથી સજ્જ છે જે બાંધકામ માટે સર્વોત્તમ પદ્ધતિઓ પર સલાહ આપે છે.

ટેક એક્સપ્રેસ કેટલાક મુખ્ય પરીબળોના પરીક્ષણમાં મદદ કરી શકે છે જેમ કે સ્લમ્પ કોન ટેસ્ટ (મિક્સની ગુણવત્તા અને સાતત્યતાનું મૂલ્યાંકન કરવા માટે), સિલ્ટ ટેસ્ટ એટલે કે કાંપ પરીક્ષણ (દોષરહિત મિશ્રણ સુનિશ્ચિત કરવા માટે), સ્લેબ કાસ્ટિંગ સુપરવિઝન, રીબાઉન્ડ હેમર ટેસ્ટ (કોંક્રિટની સંકોચન શક્તિ નક્કી કરવા માટે) વગેરે. કોંક્રિટ નાખતા પહેલા કોઈપણ દોષને ઓળખવા અને તેને સુધારવા માટે પોતાના ગ્રાહકોને તક પૂરી પાડે છે. આ નવી સર્વિસને શરૂ કરવાના પ્રસંગે ટિપ્પણી કરતા, શ્રી વિનીત કુમારતિવારી, ચીફ સેલ્સ એન્ડ બિઝનેસ ડેવલપમેન્ટ ઓફિસર- સિમેન્ટ, નુવોકોએ જણાવ્યું હતું કે, "અમારા બજારમાં ઈન્ડિવિઝ્યુઅલ હોમ બિલ્ડર્સ (આઈએચબી) મહત્વપૂર્ણ ભાગ છે અને બાંધકામની પ્રક્રિયા દરમિયાન તેઓ અવારનવાર સંસ્થાગત ટેકનિકલ સહકારથી વંચિત રહી જાય છે. આથી, તેઓ બાહ્ય સલાહ અને તર્ક પર આધારીત રહે છે.



ઘણાં ડેમમાં પાણીની માત્રા ખૂબ જ ઓછી છે

# જામનગરમાં ઉનાળા પહેલાં જ જળસંકટ ઊભું થાય તેવી સ્થિતિ

પ્રતિનિધિ દ્વારા

જામનગર, તા.૭

જિલ્લામાં કુલ ૨૨ ડેમો આવેલા છે. આ ડેમોમાંથી કેટલાક ડેમ તો એવા છે જેના હાલ ઉનાળા પહેલાં જ તળિયાઝાટક જેવા થઈ ગયા છે. ડેમમાં પાણીની માત્રા ખૂબ જ ઓછી છે. જિલ્લાનો ફોફળ-૨ ડેમ હાલ માત્ર ૮.૪૫ ટકા જ પાણીની માત્રા ધરાવે છે. આ સિવાય જિલ્લાના તમામ ડેમોની વાત કરીએ તો સરેરાશ ૪૧.૭૩ ટકા પાણીનો જથ્થો એટલે કે ૨૯૨ ઘન મીટર પાણીનો જથ્થો હયાત છે.

જામનગર જિલ્લાનો સૌથી મોટો ઉંડ-૧ ડેમ ૬૪.૩૭ ટકા ભરાયેલો છે. આ ડેમમાંથી સિંચાઈ-પીવાનું પાણી અને પાણી પુરવઠા બોર્ડ ઉપરાંત મહાનગરપાલિકાને પણ અહીંથી પાણી સપ્લાય કરવામાં આવે છે. હાલ ઉંડ-૧ ડેમમાં ચોમાસા સુધી પાણીની વ્યવસ્થા સચવાય તે પ્રકારની સ્થિતિનો અંદાજ લગાવાઈ રહ્યો છે. ઉનાળા પૂર્વે આજની તારીખે વાત કરીએ તો, જામનગર જિલ્લાના ડેમોની પરિસ્થિતિમાં કુલ ૨૨ ડેમોમાં ૨૯૨ મિલિયન ઘન મીટર પાણીનો જથ્થો ભરાયેલો છે.

ધ્રોલ-જોડિયા પંથકમાં આવેલ ઉંડ-૨ ડેમમાં હાલ સિંચાઈ માટે પાણીની સપાટી હયાત નથી. આ ઉપરાંત આજી-૪ અને રૂપારેલ ડેમમાં જૂન માસ સુધી ચાલે તેટલો પાણીનો જથ્થો હયાત છે. જામનગર જિલ્લાને સૌની યોજનાની લિંક એક અને લિંક ત્રણથી કનેક્ટ કરવામાં આવ્યાં છે. જે અંતર્ગત મોટાભાગના ડેમો કનેક્ટિવિટી ધરાવે છે અને તેમાં પાણી પણ સમયાંતરે ભરવામાં આવી રહ્યું છે. જેથી રાજ્ય સરકારની આ યોજના અંતર્ગત જળ સંપતિ વિભાગ દ્વારા ઉનાળા દરમિયાન પાણીની ખેંચ ન થાય તે પ્રકારનું આયોજન કરાઈ રહ્યું છે.

જામનગરની જીવાદોરી સમાન રાજાશાહી વખતના રણજીતસાગર ડેમમાં પણ ચોમાસા બાદ સૌની યોજના મારફતે એક વખત પાણી ભરવામાં આવ્યું હતું. હાલમાં રણજીતસાગર ડેમમાં ૬૫ ટકા ભરેલું છે. એટલે કે રણજીત સાગર ડેમમાં ૬૯૦ એમ.સી.એફ.ટી. પાણીનો જથ્થો હયાત છે. પરંતુ નર્મદાના નીર આવતા હાલ કોઈ આગામી ચોમાસા સુધી પાણીની તંગી ઊભી નહીં થાય. જામનગર જિલ્લાની ઓલ ઓવર વાત કરીએ તો ઉનાળાના પ્રારંભે અત્યારની સ્થિતિ જોતા ૨૨ ડેમો પૈકી સિંચાઈના પાણી માટે કેટલાક વિસ્તારોમાં થોડી ઘટ રહી શકે છે. જોકે સૌની યોજના આવતા જામનગર શહેર અને જિલ્લામાં પીવાના પાણીનો પ્રશ્ન ઊભો થાય તેવી શક્યતા હાલ નહિવત જોવા મળી રહી છે.

# ધોરડોમાં જી-૨૦ ટુરિઝમ વર્કિંગ ગ્રુપની બેઠકમાં સાંસ્કૃતિક કાર્યક્રમો નિહાળી વિદેશી મહાનુભાવો અભિભૂત

ધોરડો,તા.૦૭

કચ્છના ધોરડોમાં જી-૨૦ની ટુરિઝમ વર્કિંગ ગ્રુપની બેઠકના પ્રથમ દિવસે સાંજે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ સહ ગાલા ડિનરનું આયોજન રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત રાજ્યની વિવિધ સાંસ્કૃતિક કૃતિઓની રંગારંગ પ્રસ્તુતિ જોઈને વિદેશી મહેમાનો અભિભૂત થઈ ગયા હતા.

મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, કેન્દ્રીય મત્સ્ય, પશુપાલન મંત્રીશ્રી પરષોત્તમ રૂપાલા, કેન્દ્રીય પ્રવાસન મંત્રીશ્રી જી. કિશન રેડ્ડી, ગુજરાત ના પ્રવાસન મંત્રીશ્રી મુળુભાઈ બેરા, મુખ્ય સચિવ શ્રી રાજકુમાર,પ્રવાસન વિભાગના ઉચ્ચ અધિકારીઓ વગેરેની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજાયો હતો. સૂર્યાસ્ત બાદ સાંસ્કૃતિક કાર્યક્રમોનો પ્રારંભ થયો, ત્યારે ધોરડોની સફેદ રણની ધરા પર જાણે ગુજરાત તેમજ દેશની અસ્મિતાના રંગો પથરાયા હતા.

જયતુ જયતુ ગુજરાત ગીત અને નૃત્યથી આ રંગારંગ કાર્યક્રમની શરૂઆત થઈ હતી.

મહિલાઓએ કચ્છી ગીતના માધ્યમથી કચ્છની સંસ્કૃતિ અને કલાને વિશ્વના વિવિધ દેશોમાંથી પધારેલા મહેમાનો સમક્ષ ઉજાગર કરી હતી. બાદમાં મહિલાઓના વૃંદે રજૂ કરેલી નર્મદા અષ્ટકમની પ્રભાવશાળી પ્રસ્તુતિએ ઉપસ્થિત સર્વના મન મોહી લીધા હતા. સીદીઓના ધમાલ નૃત્ય બાદ જી-૨૦ના લોગો "વસુધૈવ કુટુમ્બકમ"ની થીમ પર વિવિધ કલાકારોએ નૃત્ય રજૂ કર્યા હતા જેને સૌએ તાળીઓના ગડગડાટ સાથે વધાવી લીધા હતા.

આ નૃત્યને અતુલ્ય પ્રતિભાવ મળ્યો હતો. વિદેશ મંત્રાલયના ડી. ડી.જી., આઈ.સી.સી.આર. શ્રી અભયકુમાર તેમજ અન્ય મહાનુભાવોએ આ ગ્રુપના કલાકારોને સ્ટેજ પર જઈને બિરદાવ્યા હતા. આ અવસરે ભવ્ય આતશબાજી પણ કરાઈ હતી. આ વર્ષ આંતરરાષ્ટ્રીય મિલેટ્સ વર્ષ તરીકે ઉજવાઈ રહ્યું છે, ત્યારે ગાલા ડિનરમાં મિલેટ્સની વિવિધ વાનગીઓ પણ વિદેશી મહેમાનોને ભોજન માં પીરસવા માં આવી હતી.

આ કાર્યક્રમમાં કેન્દ્ર સરકારના પ્રવાસન વિભાગના સચિવશ્રી અરવિંદસિંઘ, રાજ્યના નાણાં વિભાગના અગ્ર સચિવ મોના ખંધાર, રાજ્યના પ્રવાસન સચિવ શ્રી હારિત શુક્લ, ગુજરાત પ્રવાસન વિભાગના મેનેજીંગ ડિરેક્ટર શ્રી આલોક પાંડે વગેરે ઉપસ્થિત રહ્યા હતા.




ગાંધી આશ્રમથી કોચરબ આશ્રમ સુધી ક્લાર્કની પરીક્ષામાં પેપર ફુટવાના મામલે સરકારની સામે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# MLA વિમલ ચુડાસમાને ૬ મહિનાની કેદની સજા

પ્રતિનિધિ દ્વારા

રાજકોટ, તા.૭

હાલના ગીર સોમનાથના કોંગ્રેસના ધારાસભ્ય વિમલ ચુડાસમા પર વર્ષ ૨૦૧૦માં ફરિયાદ થઈ હતી. ફરિયાદી મિત વૈદ્યે ફરિયાદ કરી હતી કે તેમને અને સાંસદના ભાઈ પર વિમલ ચુડાસમા અને તેમના સાગરીતોએ હુમલો કર્યો હતો. આ કેસ માળીયા હાટીની કોર્ટમાં ચાલી રહ્યો હતો. ત્યારે હવે માળીયા હાટીની કોર્ટે ધારાસભ્ય વિમલ ચુડાસમા સહિત ત્રણ આરોપીઓને દોષિત જાહેર કર્યા છે. આ સિવાય કોર્ટે વિમલ ચુડાસમાને છ મહિનાની સજા ફટકારી છે. હવે તેમની મુશ્કેલીમાં વધારો થયો છે. વર્ષ ૨૦૧૦ના કેસમાં તેઓ દોષિત સાબિત થયા છે. ત્યારે વિમલ ચુડાસમા જામીન માટે ઉપલી કોર્ટમાં જઈ શકે છે.

પ્રાપ્ત રિપોર્ટ મુજબ, વર્ષ ૨૦૧૦માં વેરાવળના ધારાસભ્ય વિમલ ચુડાસમા અને તેમની સાથેના સાગરીતો વિરુદ્ધ ફરિયાદ થઈ હતી. ચોરવણના રહીશ મિત વૈદ્યે અને હાલના સાંસદ રાજેશભાઈ ચુડાસમાના નાના ભાઈ હરીશ ચુડાસમાએ તેમના પર હુમલાની ફરિયાદ નોંધાવી હતી. જેના અનુસંધાને પોલીસ ફરિયાદ થતાં કેસ કોર્ટમાં ચાલ્યો હતો. જે બાદ માળીયા હાટીની કોર્ટે તેમને દોષિત જાહેર કર્યા હતા. આ સિવાય કોર્ટે ધારાસભ્ય વિમલ ચુડાસમાને છ મહિનાની કેદ ફટકારી છે. મહત્વનું છે કે, રાજકીય કિન્નાખોરીમાં તેઓએ આ હુમલો કર્યો હતો. મહત્વું છે કે ૨૦૧૦માં હુમલાની આ ઘટના હોલિડે કેમ્પ પાસે બની હતી. વિમલ ચુડાસમા પર ફરિયાદીએ આરોપ મૂક્યો હતો કે, વર્ષ ૨૦૧૦માં તેમણે અને તેમના સાગરીતોએ તેમના પર હુમલો કર્યો હતો. વિમલ ચુડાસમા ચોરવાડના વતની છે.

રાજકીય કિન્નાખોરીમાં વિમલ ચુડાસમાએ હુમલો કર્યો હતો. સાંસદ રાજેશ ચુડાસમાના પિતા ચોરવાડ નગર પાલિકામાં કોંગ્રેસના સભ્ય હતા. સાંસદ રાજેશ ચુડાસમાના પિતા હિરાભાઈએ પક્ષપલટો કરીને ભાજપનો ખેસ ધારણ કર્યો હતો જેનું મન દુઃખ રાખીને વિમલ ચુડાસમાએ સાંસદના ભાઈ હરીશ ચુડાસમા અને મિત વૈદ્ય પર હુમલો કર્યો હતો. આ કેસ કોર્ટમાં ચાલ્યો હતો. જે બાદ ૧૩ વર્ષે માળીયા હાટીની કોર્ટે ચૂકાદો આપ્યો છે. માળીયા હાટીની કોર્ટે વિમલ ચુડાસમા સહિત ત્રણ આરોપીઓને દોષિત જાહેર કર્યા છે. સાથે જ કોર્ટે વિમલ ચુડાસમાને છ મહિનાની કેદ ફટકારી છે.

# રાજ્યભરમાં અત્યારથી થવા લાગ્યો ગરમીનો અનુભવ

અમદાવાદ, તા.૭

રાજ્યભરમાં છેલ્લા એક-બે દિવસથી ઠંડીનું પ્રમાણ ઘટી ગયું છે અને આગામી થોડા જ દિવસમાં સત્તાવાર રીતે ગરમીનું આગમન થઈ જશે તેમ લાગી રહ્યું છે. ફેબ્રુઆરી ૨૦૨૨ના પહેલા અઠવાડિયામાં સરેરાશ મહત્તમ તાપમાન ૨૯ ડિગ્રી સેલ્સિઅસ અને સરેરાશ લઘુત્તમ તાપમાન ૧૩.૬ ડિગ્રી સેલ્સિઅસ હતું. આ વર્ષે ફેબ્રુઆરીના પહેલા છ દિવસનું સરેરાશ મહત્તમ તાપમાન ૩૦.૪ ડિગ્રી સેલ્સિઅસ રહ્યું છે, જેમાં રવિવારે તાપમાન ૩૩.૩ ડિગ્રી સેલ્સિઅસે પહોંચી ગયું હતું. છેલ્લા કેટલાક દિવસોમાં મહત્તમ તાપમાન ૩૦ ડિગ્રી સેલ્સિઅસથી ઉપર રહેતાં શહેર અને રાજ્યમાં મહદઅંશે ગરમીનો અનુભવ થવા લાગ્યો છે. ભારતીય હવામાન વિભાગના રાજ્યના હેડ મનોરમા મોહંતીએ જણાવ્યું હતું કે, લાંબાગાળાની સરેરાશની સરખામણીમાં વર્તમાન તાપમાન સામાન્ય છે. 'આગામી પાંચ દિવસમાં કોઈ મોટા ફેરફારની અપેક્ષા નથી, તે કહેવું પણ ખૂબ વહેલું રહેશે કે તાપમાનમાં વધુ ઘટાડો થશે નહીં', તેમ તેમણે ઉમેર્યું હતું. સોમવારે અમદાવાદનું મહત્તમ તાપમાન ૩૧.૫ ડિગ્રી સેલ્સિઅસ હતું, જે સામાન્ય કરતાં ૧.૬ ડિગ્રી સેલ્સિઅસ વધારે હતું. જ્યારે લઘુત્તમ તાપમાન ૧૩.૩ ડિગ્રી સેલ્સિઅસ હતું, જે સામાન્ય કરતાં ૦.૧ ડિગ્રી વધુ હતું.ૈસ્ઢ અનુસાર, અમદાવાદમાં ફેબ્રુઆરી માટે સરેરાશ મહત્તમ અને લઘુત્તમ તાપમાન ૩૧ ડિગ્રી અને ૧૪. ૬ ડિગ્રી છે. જો કે, મેટ હવામાન વિભાગના અધિકારીઓએ ઉમેર્યું હતું કે, સામાન્ય રીતે ફેબ્રુઆરીના મધ્યથી તાપમાનમાં વધારો થવાનું શરૂ થાય છે પરંતુ આ વર્ષે આમ વહેલું થયું છે. નવેમ્બર, ડિસેમ્બર અને જાન્યુઆરીના તાપમાનનું એનાલિસિસ દર્શાવે છે કે, ૧૬ ડિસેમ્બર સુધી તાપમાન સામાન્ય કરતાં વધુ રહ્યું હતું. ૧૫ ડિસેમ્બરે લઘુત્તમ તાપમાન ૨૦.૫ ડિગ્રી હતું, જે સામાન્ય કરતાં ૭.૨ ડિગ્રી વધારે હતું, જે સિઝનના સૌથી વધુ તાપમાનમાંથી એક હતું. આ મહિનાઓમાં, શહેરમાં લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રી સેલ્સિઅસ કરતાં ઓછું લગભગ પાંચ દિવસ સુધી જોવા મળ્યું હતું અને કોલ્ડ વેવની સ્થિતિ પણ ઓછી હતી, મુખ્યરૂપથી કચ્છ જિલ્લામાં કેન્દ્રિત હતી. સોમવારે ભાવનગર જિલ્લાના મહુવામાં સૌથી વધુ મહત્તમ તાપમાન ૩૩.૨ ડિગ્રી સેલ્સિઅસ નોંધાયું હતું, ત્યારબાદ રાજ્યના પાટનગર ગાંધીનગરમાં ૩૨.૫ ડિગ્રી સેલ્સિઅસ અને વડોદરામાં ૩૨.૨ ડિગ્રી સેલ્સિઅસ હતું. રાજ્યભરમાં ગાંધીનગરમાં ૧૧.૪ ડિગ્રી સેલ્સિઅસ સિવાય દરેક જગ્યાએ લઘુત્તમ તાપમાન ૧૩ ડિગ્રી સેલ્સિઅસથી ઉપર વધ્યું હતું.

# અમદાવાદ સિવિલ કિડની વિભાગના સ્ટાફનો હોબાળો

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ, તા.૭

અમદાવાદ શહેરની સિવિલ હોસ્પિટલ કોઈના કોઈ કારણોસર ચર્ચામાં રહેતી હોય છે. સિવિલ હોસ્પિટલ ફરી એકવાર વિવાદમાં સપડાઈ છે. સુત્રોમાંથી મળતા સમાચાર મુજબ અમદાવાદની સિવિલ હોસ્પિટલના કેમ્પસમાં આવેલા કિડની વિભાગમાં કર્મચારીઓ દ્વારા હોબાળો કરવામાં આવ્યો હતો. કિડની વિભાગના સ્ટાફની ઘણા સમયથી માંગો ન ઉકેલાતા વિવાદ વકર્યો હતો. અમદાવાદ શહેરમાં આવેલી સિવિલ હોસ્પિટલ વધુ એકવાર ચર્ચામાં આવી છે. પ્રાપ્ત વિગતો મુજબ સિવિલ હોસ્પિટલમાં આવેલા કિડની વિભાગના કર્મચારીઓ દ્વારા પોતાની માંગને લઈને આજે હંગામો કર્યો હતો.

ડુંગળી બાદ હવે લસણે ખેડૂતોને રડાવ્યા

# ગયા વર્ષનું લસણ પાણીના ભાવે ખેડૂતો વેચી રહ્યા છે

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ, તા.૭

હાલ રાજકોટ સહિત સૌરાષ્ટ્રના માર્કેટિંગ યાર્ડમાં લસણની મોટા પ્રમાણમાં આવક થઈ રહી છે. સૌથી વધુ રાજકોટ અને ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં લસણની હજારો મણની આવક થઈ છે. હાલ ગયા વર્ષનું લસણ પાણીના ભાવે ખેડૂતો વેચી રહ્યા છે. દર વર્ષે લસણનો ઉત્પાદન ખર્ચ વધતો જાય છે અને ભાવ દર વર્ષે ઘટતા જાય છે.

રાજકોટ ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં ખેડૂતોને ગયા વર્ષનું લસણ સો રૂપિયાથી લઈ અને ૧૫૦ રૂપિયા સુધી વેચવાની ફરજ પડી રહી છે. બિયારણ,રાસાયણિક ખાતર, જંતુનાશક દવાના ભાવ આસમાને પરંતુ ખેડૂતોને ખૂબ જ ઓછા ભાવે લસણ વેચવાની ફરજ પડી રહી છે. રાજકોટ માર્કેટિંગ યાર્ડમાં દરરોજ ૩૦૦૦ ગુણીની આવક થઈ રહી છે, તો ગોંડલ યાર્ડમાં પણ લસણની રેકોર્ડ બ્રેક આવક થઈ છે. ગયા વર્ષે લસણનું રેકોર્ડ બ્રેક વાવેતર હતું જેના કારણે ખેડૂતોને ભાવ અત્યારે ઓછા મળી રહ્યા છે. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનામાં વધુ એક મોટી છેતરપિંડી સામે આવી છે જ્યાં હજારો અયોગ્ય ખેડૂતોએ ઓનલાઈન નોંધણી દ્વારા ખોટી રીતે બે હજાર રૂપિયાના હપ્તાનો લાભ લીધો છે. કૃષિ વિભાગ દ્વારા ચકાસણી પ્રક્રિયા પૂર્ણ થતાં ૫૩,૦૦૦ ખેડૂતો અયોગ્ય જણાયા છે, જેમણે ભૂલથી રૂ. ૪૩ કરોડનો લાભ લીધો છે. મહેસૂલ વિભાગે આ અયોગ્ય ખેડૂતોની યાદી બહાર પાડી છે, જેમની પાસેથી વસૂલાતની કામગીરી હજુ બાકી છે. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના ૨૦૧૮ માં શરૂ કરવામાં આવી હતી જેના હપ્તાઓ ૨૦૧૯થી લાભ મળવા લાગ્યા. આ યોજનાનો લાભ ૨ હેક્ટર અથવા તેનાથી ઓછી જમીન ધરાવતા ખેડૂતોના નાના અને આર્થિક રીતે નબળા વર્ગના ખેડૂતોને જ આપવામાં આવે છે. આ રીતે ખેડૂતોની સંખ્યા દર વર્ષે વધતી રહી. આ સમય દરમિયાન ઈ-કેવાયસી અને જમીનની ચકાસણી ફરજિયાત ન હોવાથી ઘણા અયોગ્ય ખેડૂતોએ નિયમો વિરુદ્ધ બે હજાર રૂપિયાના હપ્તા ઉભા કર્યા હતા. ૧૧મા હપ્તા દરમિયાન આવા અનેક ખોટા કેસો સામે આવવા લાગ્યા, જેમાં અયોગ્ય હોવા છતાં ઘણા ખેડૂતોએ પોતાનું ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવ્યું અને હપ્તાનો લાભ લીધો. આ કામમાં કેટલાક જૂથોના નામ આવી રહ્યા છે, જેઓ ખેડૂતોની નોંધણીના બદલામાં ૨૦૦૦ રૂપિયાનો હપ્તો લેતા હતા. કૃષિ વિભાગે છત્તીસગઢના રાયગઢ જિલ્લામાં આધાર સીડીંગ અને જમીન ચકાસણી માટે લાંબા સમય પહેલા સૂચનાઓ જારી કરી હતી. લાંબા સમયથી ચાલતી ચકાસણી દરમિયાન કૃષિ વિભાગે પટવારીઓને લાયક ખેડૂતોની યાદી આધાર અને જમીન સીડીંગ દ્વારા અપડેટ કરવા જણાવ્યું હતું. વહીવટીતંત્ર બાદ જ્યારે યાદી પહોંચી ત્યારે જાણવા મળ્યું કે જિલ્લાના ૫૩ હજાર અયોગ્ય ખેડૂતોએ ૪૩ કરોડની રકમનો ખોટી રીતે લાભ લીધો છે. આવો જ બીજો કિસ્સો ૨ વર્ષ પહેલા આવ્યો હતો, જ્યારે ૧૭,૦૦૦ ખેડૂતોએ ૨૫ કરોડની છેતરપિંડી કરી હતી, પરંતુ હજુ સુધી આ ખેડૂતો પાસેથી માત્ર ૧૨ લાખ જ વસૂલ કરવામાં આવ્યા છે. બે વર્ષ બાદ છેતરપિંડી કરનારાઓની સંખ્યામાં પણ વધારો થયો છે.

# રાજકોટ-અમદાવાદ હાઈવે પર ટ્રક-કાર ટકરાતાં ચારનાં મોત

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ, તા.૭

રાજકોટ - અમદાવાદ હાઈવે પર ફરી એક વખત ગમખ્વાર અકસ્માતની ઘટના બની છે.

રાજકોટ-અમદાવાદ હાઈવે પર આજે ભયાનક અકસ્માત થયો હતો.

આ અકસ્માતમાં ૪ લોકોના મોત થયાના અહેવાલ સામે આવી રહ્યા છે. આ અકસ્માતની ઘટનામાં બેથી ત્રણ વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થતા સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. અકસ્માતને પગલે હાઈવે પર ટ્રાફિક જામ થયો છે. રાજકોટ - અમદાવાદ હાઈવે પર સુરેન્દ્રનગર જિલ્લાની હદમાં આવેલા સાયલા ડોળિયા ગામ નજીક આજે ઈકો કાર અને ટ્રક વચ્ચે ગંભીર અકસ્માત થયો છે.

આ અકસ્માતમાં અત્યાર સુધીમાં ૪ વ્યક્તિઓના ઘટનાસ્થળે જ મોત થયા છે. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ આ તમામ મૃતકો અરવલ્લી જિલ્લાના મોડાસાના વોલ્વા ગામના રહેવાસી હતા. આ ઉપરાંત બે ત્રણ લોકોને ગંભીર ઈજાઓ પહોંચતા તેમને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

અકસ્માની જાણ થતા જ પોલીસની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે ઈકો કારનો બુકડો બોલી ગયો હતો અને કારના પતરા ચીરીને મૃતદેહોને બહાર કાઢવામાં આવ્યા હતા. અકસ્માતના પગલે હાઈવે પર ટ્રાફિક જામ થઈ ગયો છે.

ગીર ગાયો બનશે સરોગેટ મધર

# દૂધ ઉત્પાદન વધારવા શરૂ કરાયો અનોખો પ્રોજેક્ટ

પ્રતિનિધિ દ્વારા

રાજકોટ, તા.૭

સામાન્ય રીતે જે મહિલાને કુદરતી રીતે ગર્ભ નથી રહેતો તે સંતાન સુખ મેળવવા માટે ઈન-વિટ્રો ફર્ટિલાઈઝેશન અને સરોગસીનો સહારો લે છે. પરંતુ ગુજરાતમાં એક દૂધ મંડળીએ એક મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ શરૂ કર્યો છે. રાજ્યમાં દૂધ ઉત્પાદન વધારવા માટે સરોગેટ ગાયનો ઉપયોગ કરવામાં આવશે. અમરેલી સ્થિતિ અમર ડેરીએ પાયલટ પ્રોજેક્ટ શરૂ કર્યો છે. જેના દ્વારા સારી ગુણવત્તાના બળદનું સીમન અને ગાયના ઓસાઈટનો ઉપયોગ કરીને લેબમાં ભ્રૂણ તૈયાર કરવામાં આવે છે. બાદમાં આ ગર્ભને ગીર સિવાયની સ્વસ્થ ગાયમાં ટ્રાન્સફર કરવામાં આવશે જેથી તંદુરસ્ત ગીર ગાયોનો નવો વંશ પેદા થાય અને ભવિષ્યમાં વધુ દૂધ ઉત્પાદિત કરી શકાય. ગીર ગાય દોઢ વર્ષમાં વાછરડાને પેદા કરી શકે છે. અન્ય ગાયોની સરખામણીમાં ગીરની ગાય વધારે દૂધ આપી શકે છે. તંદુરસ્ત ગીર ગાય પ્રતિ દિવસ ૨૦-૩૦ લિટર દૂધ આપી શકે છે જ્યારે સામાન્ય ગાય ૩-૫ લિટર દૂધ એક દિવસમાં આપે છે. "અમે કેટલાય વર્ષોથી આર્ટિફિશિયલ ઈન્સેમિનેશન પર કામ કરી રહ્યા છીએ પરંતુ સફળતાનો દર નીચો છે. એટલે જ અમે સરોગેટ ગાયનો પાયલટ પ્રોજેક્ટ શરૂ કર્યો છે. આ કોન્સેપ્ટ ટેસ્ટ ટ્યૂબ બેબી જેવો જ છે. લેબમાં ભ્રૂણ તૈયાર કરવામાં આવે છે અને તેને આઠ દિવસ સુધી ઈક્યુબેટરમાં રાખવામાં આવે છે અને ત્યારપછી પસંદગી કરાયેલી ગાયમાં ટ્રાન્સફર કરવામાં આવે છે", તેમ અમર ડેરીના મેનેજિંગ ડાયરેક્ટર આર.એસ. પટેલે જણાવ્યું. નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ સંચાલિત ગૌશાળામાંથી દૂધ મંડળીઓએ ગીરના બળદનું વીર્ય લીધું છે. અમરેલી તેમજ પોરબંદરમાં વર્ષોથી ગીર ગાયોનું સંવર્ધન કરતાં પશુપાલકો પાસેથી તંદુરસ્ત ગીર ગાયોના એગ્સ લેવામાં આવ્યા છે. સામાન્ય રીતે એક મહિનામાં ગાયના શરીરમાં ૧૨-૧૫ અંડકોષ પેદા થાય છે. પરંતુ જો આ જ ગાય કુદરતી રીતે ગર્ભવતી થાય તો આખા વર્ષ દરમિયાન માત્ર એક અંડકોષનો ઉપયોગ થઈ શકે છે અને ૧૨-૧૫ મહિનાના સમયમાં ફક્ત એક વાછરડું જન્મી શકે છે. "પરંતુ આ પદ્ધતિથી વધુ દૂધ આપતી ગાયોના અંડકોષ લઈને એક વર્ષમાં જ ૨૦-૨૫ વાછરડાને પેદા કરી શકાય છે. આ વાછરડીઓ મોટી થઈને વધુ દૂધ આપતી ગાયો બનશે", તેમ તેમણે ઉમેર્યું. ભ્રૂણ તૈયાર કરવા માટેની ટેક્નોલોજી માટે મેડિકલના જરૂરી સાધનો વસાવવા અમર ડેરીએ ૯૦ લાખ રૂપિયાનો ખર્ચ કર્યો છે. પશુચિકિત્સકોની પેનલમાં ૩ ડૉક્ટરો છે જ્યારે ડેરીના પશુચિકિત્સકોના નેટવર્ક સિવાયના બે નિષ્ણાત ડૉક્ટરોની પણ સલાહ લેવાઈ રહી છે. "આ પશુચિકિત્સકો તંદુરસ્ત ગાયો શોધવા માટે ખેડૂતોના ઘરે ઘરે જાય છે અને પછી તેમનામાં આ ભ્રૂણ ટ્રાન્સફર કરે છે", તેમ અધિકારીએ જણાવ્યું. આ પ્રોજેક્ટનો બધો જ ખર્ચ દૂધ મંડળી, ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન અને કેંદ્ર સરકાર દ્વારા ઉઠાવવામાં આવી રહ્યો છે. પહેલા પ્રયત્નમાં અમે ૫૪ એગ્સ કાઢ્યા હતા. જેમાંથી અમે ૧૫ ભ્રૂણ તૈયાર કરી શક્યા અને ગત અઠવાડિયે જ તેને ગાયમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. એક મહિના પછી અમને તેની સફળતાનો દર ખબર પડશે.

## સુરતમાં ક્રિકેટ રમતો યુવાન અચાનક બેભાન, મોત થયું

પ્રતિનિધિ દ્વારા

સુરત, તા.૭

હજુ થોડા સમય પહેલા જ રાજકોટનો એક દર્દનાક કિસ્સો બન્યો હતો જેમા એક યુવાન ક્રિકેટ તો એક યુવાન ફુટબોલની રમત રમતાં રમતાં હાર્ટએટેક આવવાથી બન્ને યુવાનોનાં મોત થયા હતા. તો આજે આવી જ એક ઘટના સુરત ખાતે બની છે. આ ઘટના સુરતના સેલુટ ગામના મેદાનમાં ક્રિકેટ રમતી વખતે અચાનક બેભાન થઈ ઢળી પડતા યુવાનનું મોત થવાની ઘટના સામે આવી છે. આજે સુરતના સેલુટ ગામના મેદાનમાં ક્રિકેટ રમતી વખતે અચાનક બેભાન થઈ ઢળી પડતા યુવાનનુ મોત થવાની દુખદ ઘટના બની હતી. યુવકના મોતના કારણે સમગ્ર શેખપુર ગામમાં શોકની લાગણી ફરી વળી હતી. મળતી વિગતો મુજબ કામરેજ તાલુકાના શેખપુર ગામનો નવયુવાન રોજ સવારે ક્રિકેટ રમવા જતો હતો. પરંતુ આજે તેના મિત્રો સાથે ઓલપાડ તાલુકાના સેલુટ ગામના મેદાનમાં ક્રિકેટ રમવા ગયો હતો. જ્યા તે ક્રિકેટ રમતા રમતા અચાનક બેભાન થઈ ઢળી પડ્યો હતો.ક્રિકેટ રમતા રમતા અચાનક ઢળી પડતા બેભાન થઈ ગયો હતો તેથી તેને તાત્કાલિક સુરતની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યા હાજર તબીબોએ યુવકને મૃત જાહેર કર્યો હતો. જેથી યુવકના મોતના કારણે સમગ્ર શેખપુર ગામમાં શોકમાં ડુબી ગયુ હતું.

# JEE મેઈન્સનું પરિણામ જાહેર કરાયું

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ, તા.૭

ધોરણ ૧૨ પછી ડિગ્રી એન્જિનિયરિંગ ઈન્સ્ટિટ્યૂટમાં પ્રવેશ મેળવવા માટે લેવાતી JEE મેઈન્સનું પરિણામ જાહેર થયું છે. જેમાં અમદાવાદના બે વિદ્યાર્થીઓએ ૧૦૦માંથી ૧૦૦ પર્સેન્ટાઈલ મેળવવાની સિદ્ધિ હાંસલ કરી છે. જાન્યુઆરી માસમાં લેવાયેલી આ પરીક્ષાનું પરિણામ જાહેર થયું છે. બંને વિદ્યાર્થીઓને ત્નઈઈ એડવાન્સની પરીક્ષામાં સ્કોર કરી બોમ્બે IITમાં કમ્પ્યુટર સાયન્સ કરવાનો ગોલ છે. ધોરણ ૧૨ પછી રાજ્ય અને દેશની શ્રેષ્ઠ ડિગ્રી એન્જિનિયરિંગ કોલેજમાં પ્રવેશ માટે લેવામાં આવતી ત્નઈઈ મેઈન્સ પ્રથમ તબક્કાની પરીક્ષાનું પરિણામ જાહેર થયું છે. જેમાં અમદાવાદના બે વિદ્યાર્થીઓ એવા છે કે, જેમને ૧૦૦ પર્સન્ટાઈલ હાંસલ કર્યા છે. દેશભરમાં માત્ર ૨૦ વિદ્યાર્થીઓ એવા છે કે જેમને આ સફળતા મળી છે. જેમાં અમદાવાદના કૌશલ વિજયવર્ગીય અને હરસુલ સુથાર નામના વિદ્યાર્થીનો સમાવેશ થાય છે. મહત્વની વાત એ છે કે, કૌશલ નામના વિદ્યાર્થીએ જેટલા માર્કની પરીક્ષા હતી, એટલા માર્ક મેળવ્યાં છે. કૌશલએ ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને ગણિતમાં ૧૦૦ પર્સેન્ટાઈલ મેળવ્યા છે. જ્યારે હર્ષલ સુથારે ગણિત અને ભૌતિકશાસ્ત્રમાં ૧૦૦ પર્સેન્ટાઈલ મેળવ્યા છે. ઉલ્લેખનીય છે કે, રાજ્યની અને દેશની પ્રતિષ્ઠિત એન્જિનિયરિંગ કોલેજમાં પ્રવેશ માટે JEE મેઈન્સની પરીક્ષા યોજાતી હોય છે. મેન્સ બાદ એડવાન્સની પરીક્ષા લેવામાં આવે છે. જેના થકી વિદ્યાર્થીઓનેૈં, દ્વૈંમાં પ્રવેશ મળે છે.

ત્રણ વર્ષથી વર્ષમાં બે વાર ત્નઈઈ મેન્સની પરીક્ષા યોજાય છે. આ બંને પરીક્ષામાંથી જે પરીક્ષાનું સારું પરિણામ હોય એ પરિણામ માન્ય રાખવામાં આવે છે અને એના આધારે એડમિશન મળતું હોય છે. જેઈઈ-મેઈન જાન્યુઆરી સત્રની પરીક્ષા ૨૪ જાન્યુઆરીથી ૧ ફેબ્રુઆરી વચ્ચે યોજાઈ હતી. JEE-મેઈનસમાં ૯.૦૬ લાખ વિદ્યાર્થીઓએ આ પરીક્ષા માટે નોંધણી કરાવી હતી. તેમાંથી ૮.૬ લાખ વિદ્યાર્થીઓએ ખ્રીષ્ઠર માટે અરજી કરી હતી, દેશના ૨૯૦ શહેરો અને વિદેશમાં ૧૮ શહેરો સહિત ૪૨૪ પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાઓ યોજાઈ હતી. પરીક્ષા ગુજરાતના ૧૭ શહેરોમાં યોજાઈ હતી.

વેપારી સાથે મિત્રતા કરીને તેને ઘરે બોલાવ્યો હતો

# સુરતમાં હનીટ્રેપ કરનારી ગેંગની મુખ્ય મહિલા ઝડપાઈ

પ્રતિનિધિ દ્વારા

સુરત, તા.૭

સુરત શહેરના મોટા વરાછા વિસ્તારમાં એક વેપારીને વાતોમાં ફસાવી ઘરે બોલાવી આયોજનબદ્ધ રીતે વેપારીના કપડાં કઢાવી ફોટા પાડ્યાં હતા અને ત્યારબાદ તેને ધમકી આપી ૧.૧૦ લાખ રૂપિયાની માંગણી કરવામાં આવી હતી. તેથી વેપારીએ રૂપિયા કાઢવા જવાનું જણાવી સફળતાપૂર્વક ત્યાંથી ભાગી પોલીસ ફરિયાદ નોંધાવતા મુખ્ય મહિલા આરોપી ઝડપાઈ હતી.

સુરતમાં મહિલાઓ પુરુષોને ફોન કરી મિત્રતા કરે છે અને પછી વિશ્વાસ કેળવી પુરુષોને મળવા બોલાવતી હોય છે. ત્યારબાદ તેના અંગત ફોટા પાડી બ્લેકમેલ કરી હનીટ્રેપમાં ફસાવતી હોવાની અનેક ઘટના સામે આવી છે. તેવામાં સુરતના મોટા વરાછામાં એક વેપારીને આવી જ રીતે ફોન કરી સોનલ સાવલિયા નામની એક મહિલાએ મિત્રતા કેળવી હતી. ત્યારબાદ વિશ્વાસમાં લઈને પોતાના આવાસના મકાનમાં વેપારીને મળવા બોલાવ્યો હતો. જેવો વેપારી રૂમમાં પ્રવેશ્યો તેવા જ તેના કપડાં કાઢી નાખવામાં આવ્યા હતા. ત્યારબાદ સોનલ સાવલિયાનો પતિ તેમજ અન્ય ત્રણ ઈસમો રૂમમાં પ્રવેશી વેપારીના ફોટા પાડી બ્લેકમેલ તેમજ પોલીસ ફરિયાદ કરવાની ધમકી આપવા લાગ્યા હતા. રકઝકને અંતે વેપારી પાસેથી ૧.૧૦ લાખની માંગ કરવામાં આવી હતી.

તે સમયે વેપારીના ખિસ્સામાં રહેલા ૨૫૦૦ રોકડા પણ કાઢી લેવાયા હતા. ત્યારબાદ વેપારીએ રૂપિયા કાઢવાના બહાને છ્સ્માં જઈને પોલીસને ફોન કરી સમગ્ર ઘટનાની જાણ કરી હતી. ત્યારે આરોપીઓને જાણ થતાં જ તેઓ ભાગી છૂટ્યા હતા. ત્યારબાદ વેપારીએ ઉતરાણ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. જેમાં પોલીસે અગાઉ ૨ આરોપીની ધરપકડ કરી હતી. જ્યારે આજે ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળતા અઠવા વિસ્તારમાં આવેલા નાગરિક સુવિધા કેન્દ્ર પાસેથી સોનલ સાવલિયાની ધરપકડ કરી હતી.

મહત્વનું છે કે, સોનલ સાવલિયા રોજગાર ધંધો કરી પોતાનું ગુજરાત ચલાવે છે. જેમાં તે એક સુખી સંપન્ન પરિવારમાંથી આવે છે.

જો કે, સોનલ આવી રીતે લોકો સાથે મિત્રતા કેળવી વિશ્વાસમાં લઈ મળવા બોલાવી ફોટા પાડી અને બ્લેકમેલ કરવાની ધમકી આપી રૂપિયા પડાવતી હતી. હાલ ક્રાઈમ બ્રાન્ચે સોનલ સાવલિયાની ધરપકડ કરી અત્યાર સુધી કોની કોની સાથે મિત્રતા કેળવી રૂપિયા પડાવ્યા છે તે બાબતે પૂછપરછ હાથ ધરી છે.